RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 15 Issue : 216 Dt. 01-03-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT



# ઈરાન - UAE પર અમેરિકા - ઈઝરાયલનો હુમલો

## ભારતે ખેલ્યો કૂટનીતિક દાવ : ઈરાન - ઈઝરાયેલના મંત્રીઓ સાથે જયશંકરે કરી વાતચીત : ઈરાનની શાળા પર એરસ્ટ્રાઈક : ૫૦ વિદ્યાર્થીનીઓના મોત







નવીદિલ્હી, તા. ૨૮

ઈઝરાયલે અમેરિકા સાથે મળીને ઈરાન પર મોટો હુમલો કર્યો છે. અગાઉ, જૂનમાં, ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો હતો, જેના કારણે અમેરિકા યુદ્ધમાં કૂદી પડ્યું હતું. શનિવારે ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન પર હુમલો કર્યો હતો, જેના કારણે શહેરના મધ્ય વિસ્તારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે અમેરિકાએ ઈરાનને તેના પરમાણુ કાર્યક્રમ પર સોદો કરવા દબાણ કરવા માટે આ ક્ષેત્રમાં ફાઈટર જેટ અને યુદ્ધ જહાજોનો મોટો કાફલો તૈનાત કર્યો છે. ઈરાનના બદલો લેવાની આશંકા સાથે, સુરક્ષા કારણોસર અબુ ધાબીમાં એક હિન્દુ મંદિર બંધ કરી દેવામાં આવ્યું છે. મંદિર પ્રશાસને જણાવ્યું હતું કે તે તમામ પક્ષોને સંયમ રાખવા અને શાંતિ જાળવવા અપીલ કરે છે. સંયુક્ત આરબ અમીરાતને લક્ષ્ય બનાવીને છોડવામાં આવી રહેલી મિસાઈલોને ધ્યાનમાં રાખીને, પ્રશાસન મંદિરને એક દિવસ માટે બંધ કરી રહ્યું છે. પરિસ્થિતિના આધારે આવતીકાલે વધુ નિર્ણયો લેવામાં આવશે.

**ઈરાનમાં વિનાશ વેર્યો ૨૦૦ લોકોના મોત ૭૫૦ થી વધુ ઘાયલ**

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષની અસર સમગ્ર વૈશ્વિક વેપાર અને ઉડ્ડયન ક્ષેત્ર પર પડી રહી છે. વિશ્વના સૌથી વ્યસ્ત આંતરરાષ્ટ્રીય પરિવહન કેન્દ્ર, દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (DXB) પર ફ્લાઈટ કામગીરી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી છે. શનિવારે ઈરાનના ગલ્ફ દેશો પર બેલિસ્ટિક મિસાઈલ હુમલા બાદ આ મહત્વપૂર્ણ સુરક્ષા પગલાં લેવામાં આવ્યા હતા. ચાલો ઉડ્ડયન અને વ્યાપાર જગત માટે આ મોટા આંચકાના પરિણામો અને તેની અસર સમજીએ. ઈરાને શનિવારે ગલ્ફ દેશોમાં યુએસ લશ્કરી થાણાઓને લક્ષ્ય બનાવીને શ્રેણીબદ્ધ બેલિસ્ટિક મિસાઈલ હુમલાઓ શરૂ કર્યા. મિસાઈલ હુમલાઓ અને પ્રાદેશિક તણાવને કારણે સુરક્ષાને ટોચની પ્રાથમિકતા આપતા, દુબઈ એરપોર્ટ ઓથોરિટીએ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (DXB) અને અલ મક્તૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટ (DWC) પરની તમામ ફ્લાઈટ્સ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવાની જાહેરાત કરી. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા યુદ્ધ વચ્ચે, દુબઈ એરપોર્ટ્સે શનિવારે જાહેરાત કરી કે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (DXB) અને દુબઈ વર્લ્ડ સેન્ટ્રલ-અલ મક્તૂમ ઈન્ટરનેશનલ (DWC) એરપોર્ટ પરની તમામ ફ્લાઈટ કામગીરી આગામી સૂચના સુધી સ્થગિત કરવામાં આવશે. આ કટોકટી ફક્ત દુબઈ સુધી મર્યાદિત નથી; તેણે વિશ્વભરના ઉડ્ડયન નેટવર્કને ઘેરી લીધા છે. યુએઈ, કતાર અને બહેરીન સહિત સમગ્ર પ્રદેશમાં હવાઈ ક્ષેત્ર બંધ થવાથી વ્યાપક અરાજકતા ફેલાઈ છે. યુરોપ, એશિયા અને આફ્રિકાને જોડતા અનેક હવાઈ માર્ગોને ડાયવર્ટ અથવા રદ કરવામાં આવ્યા છે. અમીરાત જેવી મોટી એરલાઈન્સે દુબઈ જતી અને જતી બધી ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે ગ્રાઉન્ડેડ કરી છે. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટમાંનું એક છે, જે દર અઠવાડિયે ૮,૫૦૦ થી વધુ ફ્લાઈટ્સ અને દરરોજ ૧,૨૦૦ થી વધુ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. ૧૦૦ થી વધુ એરલાઈન્સ ૨૭૦ થી વધુ સ્થળોએ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. મુખ્ય એરલાઈન્સમાં અમીરાત, ફ્લાયદુબઈ, ઈન્ડિગો અને એર ઈન્ડિયાનો સમાવેશ થાય છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા સંયુક્ત હુમલાઓના જવાબમાં ઈરાને ગલ્ફ ક્ષેત્રમાં યુએસ અને ઈઝરાયલી સ્થાનો સામે બદલો લીધો છે. દુબઈ પણ ઈરાની પ્રતિશોધાત્મક હુમલાઓ માટે સંવેદનશીલ છે. ઈરાનના તાજેતરના મિસાઈલોના મુખ્ય લક્ષ્યો યુએસ લશ્કરી અને સાથી મથકો હતા. આમાં યુએઈમાં અલ ધફરા એર બેઝ, કતારમાં અલ ઉદેદ એર બેઝ (પ્રદેશમાં સૌથી મોટો યુએસ લશ્કરી બેઝ) અને બહેરીનમાં યુએસ ફિફ્થ ફ્લીટ હેડક્વાર્ટરનો સમાવેશ થાય છે. કુવૈતમાં અલી અલ સાલેમ એર બેઝ પર રનવેને પણ નુકસાન થયું હતું. UAE ના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેના હવાઈ સંરક્ષણ દળોએ અનેક મિસાઈલો તોડી પાડી હતી, પરંતુ અબુ ધાબીમાં ઓછામાં ઓછો એક નાગરિક કાટમાળમાં ફસાઈ ગયો હતો. પશ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે, અમેરિકા અને ઈઝરાયલે આખરે ઈરાન પર એક મોટો સંયુક્ત હુમલો કર્યો. ઘણા ઈરાની શહેરો હવાઈ હુમલાનો ભોગ બન્યા. જવાબમાં, ઈરાને ઘણા દેશોમાં અમેરિકન લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કર્યો. આ દરમિયાન, ઘણા દેશોએ પ્રતિક્રિયા આપી. ભારતે બંને દેશોને સંયમ રાખવાની અપીલ કરી. તુર્કીએ પણ તણાવ ઘટાડવા માટે મધ્યસ્થી ભૂમિકા ભજવવાની ઓફર કરી છે.

### આગામી દિવસો માટે શું ભવિષ્ય ?

ગલ્ફ દેશોમાં આ નવા યુદ્ધે સાબિત કર્યું છે કે ભૂ-રાજકીય તણાવ આંતરરાષ્ટ્રીય વેપાર અને એરલાઈન સપ્લાય ચેઈનને સીધી રીતે ખોરવી શકે છે. જ્યાં સુધી એરસ્પેસને સંપૂર્ણપણે સુરક્ષિત જાહેર કરવામાં નહીં આવે ત્યાં સુધી ઉડ્ડયન કંપનીઓને ભારે નાણાકીય નુકસાન થશે અને વિશ્વભરના મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

### ભારતે બન્ને દેશોને સંયમ રાખવાની હિમાયત કરી નાગરિકોની સલામતીને પ્રાથમિકતા દર્શાવી

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે, ભારતે રાજદ્વારી સંબંધો વધુ તીવ્ર બનાવ્યા છે. ભારતીય વિદેશ પ્રધાને ઈરાનના વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ટેલિફોન પર વાત કરી અને પ્રદેશમાં તાજેતરના વિકાસ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. ભારતીય વિદેશ પ્રધાને ઈઝરાયલી વિદેશ પ્રધાન ગિડીઓન સાર સાથે પણ વાત કરી. ભારતે બંને પક્ષોને સંયમ રાખવા, વાતચીત વધારવા અને રાજદ્વારી માધ્યમો દ્વારા તણાવ ઓછો કરવા અપીલનો પુનરોચ્ચાર કર્યો. ભારતે સ્પષ્ટ કર્યું કે પ્રાદેશિક સ્થિરતા અને નાગરિકોની સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ.

### પશ્ચિમ એશિયા સંકટ પર યુએન સુરક્ષા પરિષદે તાકીદની બેઠક બોલાવી

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં વધી રહેલા સંઘર્ષને સંબોધવા માટે યુએન સુરક્ષા પરિષદની તાકીદની બેઠક બોલાવવામાં આવી છે. યુએન રાજદ્વારીઓના જણાવ્યા અનુસાર, ૧૫ સભ્યોની સુરક્ષા પરિષદ શનિવારે સ્થાનિક સમય અનુસાર સાંજે ૪ વાગ્યે અથવા રવિવારે ભારતીય સમય અનુસાર સવારે ૩ વાગ્યે ન્યૂયોર્કમાં મળશે. બ્રિટન આ બેઠકનું અધ્યક્ષપદ સંભાળશે. રશિયાના યુએન મિશન દ્વારા જણાવાયું છે કે રશિયા અને ચીને અમેરિકા અને ઈઝરાયલી લશ્કરી કાર્યવાહીના જવાબમાં આ બેઠકની વિનંતી કરી હતી. ફ્રાન્સ, બહેરીન અને કોલંબિયાએ પણ આ બેઠકને ટેકો આપ્યો હતો. આ બેઠકમાં પ્રાદેશિક સુરક્ષા અને તણાવ ઘટાડવાના પગલાં અંગે ચર્ચા થવાની અપેક્ષા છે.

### ઈઝરાયલી-અમેરિકન હુમલાઓથી ઈરાનને મોટો ફટકો : સંરક્ષણ પ્રધાનના મોતના અહેવાલ

ઈઝરાયલી અને અમેરિકન હુમલાઓમાં ઈરાનના સંરક્ષણ પ્રધાન અને ગાર્ડ્સ કમાન્ડર માર્યા ગયા છે. અન્ય ઘણા ટોચના સરકારી અને લશ્કરી અધિકારીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. આ હુમલાઓમાં તેહરાનમાં ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીની ઓફિસને નિશાન બનાવવામાં આવી હતી. સેટેલાઈટ છબીઓ બતાવે છે કે ખામેનીની ઓફિસ કાટમાળમાં ધકેલાઈ ગઈ છે. ઈઝરાયલે દાવો કર્યો છે કે તેણે સ્વ-બચાવમાં ઈરાન પર હુમલો કર્યો હતો, જેના કારણે ઈરાને બદલો લેવાની ફરજ પડી હતી. ઈઝરાયલી લશ્કરી કાર્યવાહીથી પરિચિત બે સૂત્રો અને એક પ્રાદેશિક સૂત્રએ જણાવ્યું હતું કે ઈરાની સંરક્ષણ પ્રધાન અમીર નાસિરઝાદેહ અને રિવોલ્યુશનરી ગાર્ડ્સ કમાન્ડર મોહમ્મદ પાકપુર ઈઝરાયલી હુમલાઓમાં માર્યા ગયા હોવાનું માનવામાં આવે છે. ઈરાનની રેડ ક્રેસેન્ટ સોસાયટીએ જણાવ્યું હતું કે આજથી શરૂ થયેલા યુએસ અને ઈઝરાયલી હુમલાઓએ ઈરાનના ૩૧ પ્રાંતોમાંથી ૨૦ થી વધુને અસર કરી છે.

# રાષ્ટ્રીય GDPમાં ગુજરાતનું યોગદાન વધ્યું : નાણામંત્રી

## ગુજરાતનો વિકાસ દર ૧૦ વર્ષમાં સરેરાશ ૧૧.૪ ટકા રહ્યો, રાષ્ટ્રીય સરેરાશ ૧૦.૨ ટકા કરતા પણ વધુ : કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા અને નિકાસમાં ૨૬ ટકા સાથે ગુજરાત દેશમાં પ્રથમ



ગાંધીનગર, તા.૨૮

ગુજરાત વિધાનસભા ખાતે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અંતિમ દિવસે નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને નાણાકીય શિસ્તનું ચિત્ર રજૂ કર્યું હતું. નાણા મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત આજે સુશાસન અને જનભાગીદારીના જોરે વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે.

વર્ષ ૨૦૨૬-૨૭નું આ બજેટ માત્ર આંકડાઓનો દસ્તાવેજ નહિ, પરંતુ રાજ્યના ચાર મુખ્ય સ્તંભો - ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સર્વાંગી ઉત્કર્ષ તથા વિકાસ માટેનો એક સર્વગ્રાહી રોડમેપ છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ-SDGs ઈન્ડિયા ઈન્ડેક્સ મુજબ, ગુજરાત 'સારા સ્વાસ્થ્ય અને સુખાકારી'માં દેશમાં પ્રથમ ક્રમે છે, જેનો સ્કોર વર્ષ ૨૦૧૮માં ૫૨ (બાવન) હતો, તે આજે વધીને ૯૦ થયો છે.

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતીના અવસરે આદિવાસી સમાજના ઉત્થાન માટે રાજ્ય સરકારે વિશેષ ભાર મૂકીને 'જનજાતિય કલ્યાણ યોજના' અંતર્ગત આગામી પાંચ વર્ષમાં રૂ. ૨ લાખ કરોડના વિકાસ કામો હાથ ધરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ હેતુ માટે રાજ્ય સરકારે રૂ. ૩૫,૭૮૦ કરોડ જેટલી માતબર જોગવાઈ કરી છે, જે આદિવાસી ભાઈ-બધુઓના સામાજિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે.

રાજ્યની અર્થવ્યવસ્થાની મજબૂતી વર્ણવતા નાણા મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે ભારતની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં અગ્રેસર છે. છેલ્લા બે દાયકામાં રાષ્ટ્રીય GDPમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધીને ૮.૩ ટકા થયું છે. 'રાજ્યનો સરેરાશ વિકાસ દર પણ છેલ્લા ૧૦ વર્ષમાં ૧૧.૪ ટકા રહ્યો છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૧૦.૨ ટકા કરતા વધારે છે. પરિણામે ગુજરાતની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦ ટકાથી વધુ નોંધાઈ છે.

ગુજરાત દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા અને નિકાસમાં ૨૬ ટકા સાથે પ્રથમ સ્થાને છે. ચાલુ વર્ષના બજેટમાં નિકાસને પ્રોત્સાહન આપવા માટે 'ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ' (GEPC)ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે રાજ્યના વેપારીઓને વૈશ્વિક બજારમાં પ્લેટફોર્મ પૂરું પાડશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

૧૬માં નાણાપંચે ગુજરાતની વીજ વ્યવસ્થાને સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ ગણાવી છે. રાજ્યની ચારેય ડિસ્કોમ કંપનીઓ સતત ટોચનું સ્થાન જાળવી રહી હોવાનું દેસાઈએ જણાવ્યું હતું. ટેકનોલોજીકલ ઈનોવેશન અને GUVNLના 'સિંગલ બાયર મોડલ' દ્વારા વીજ ખરીદીના ખર્ચમાં ઘટાડો થયો છે. તદુપરાંત, ઈંટઉજ સિસ્ટમ અને GPRS મીટરિંગ દ્વારા વિતરણ જેવા તકનીકી સુધારાથી નુકસાન ન્યૂનતમ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સરકાર દ્વારા સમયસર સબસિડી મળતા ડિસ્કોમ્સનો વ્યાજ ખર્ચ પણ માત્ર ૦.૯૭ ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૭.૪૪ ટકાની સરખામણીએ સાત ગણો ઓછો છે. કનુભાઈ દેસાઈએ એવું પણ કહ્યું હતું કે, ગુજરાતે ચુસ્ત નાણાકીય શિસ્ત જાળવવા અને જાહેર દેવામાં ઘટાડો કરવા માટે ફિસ્કલ રિસ્પોન્સીબીલીટી એન્ડ બજેટ મેનેજમેન્ટ (FRBM) એક્ટ-૨૦૦૩ હેઠળના તમામ નાણાકીય લક્ષ્યાંકો સફળતાપૂર્વક સિદ્ધ કર્યા છે.

છેલ્લા ૨૨ વર્ષથી એટલે કે, વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૨૫-૨૬ દરમિયાન ગુજરાતે એક પણ વાર ઓવરડ્રાફ્ટ લીધો નથી. સાથે જ, કોવિડના વર્ષ સિવાય છેલ્લા ૧૦ વર્ષથી રાજ્ય સરકાર સતત મહેસૂલી પુરાંત જાળવી રહી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૨૩,૭૨૫ કરોડની મહેસૂલી પુરાંત અંદાજવામાં આવી છે. જાહેર દેવા અંગે મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યના GSDPના સાપેક્ષમાં દેવાની મર્યાદા ૨૭.૧૦ ટકા સુધી રાખવાની મર્યાદા છે. અંદાજપત્રના કદમાં ૧૦.૨૧ ટકાના વધારા છતાં, રાજ્યનું દેવું વર્ષ ૨૦૨૬-૨૭માં માત્ર ૧૪.૬૫ ટકા જ રાખવામાં આવશે.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૬-૨૭માં રાજવિત્તીય ખાધ એટલે કે, ફિસ્કલ ડેફીસીટને પણ ૩ ટકાની મર્યાદા સામે ૨ ટકાથી ઓછી રાખવામાં આવશે. કુશળ નાણાકીય વ્યવસ્થાપનના પરિણામે રાજ્યની મહેસૂલી આવકના પ્રમાણમાં વ્યાજનો ખર્ચ ઘટાડીને ૨૦ ટકાની મર્યાદામાં લાવવામાં સફળતા મળી છે. હવે વર્ષ ૨૦૨૬-૨૭માં વ્યાજનો આ ખર્ચ માત્ર ૧૦.૮૬ ટકા સુધી જ સીમિત રાખવાનો સરકારનો મક્કમ નિર્ધાર છે.

વેપારીઓ અને સામાન્ય જનતા માટે લેવાયેલા નિર્ણયોની વિગતો આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે કરેલા GST દરના સુધારાના પરિણામે ગુજરાતની જનતાને વાર્ષિક અંદાજે રૂ. ૧૧,૦૦૦ કરોડની વેરા બચતનો લાભ મળશે. કરદાતાઓની જોખમના મૂલ્યાંકનના આધારે કરાયેલા રિફંડની ૯૦ ટકા રકમ હવે માત્ર ૭ દિવસમાં પ્રોવિઝનલ રીફંડ તરીકે ચૂકવવામાં આવશે.

છેલ્લા ત્રણ મહિનામાં ૫૨,૦૦૦ નવા વેપારીઓ GST સાથે જોડાયા છે અને કુલ નોંધાયેલા કરદાતાઓની સંખ્યા ૧૩.૬૯ લાખ પર પહોંચી છે. પરિણામે રાજ્યની GST આવક પણ ૧૨ ટકા વધી છે. અગાઉ જામનગરના વેપારીઓને GST રજીસ્ટ્રેશન માટે જૂનાગઢ જવું પડતું હતું. હવેથી અઠવાડિયામાં બે દિવસ GST રજીસ્ટ્રેશનની વ્યવસ્થા જામનગરમાં શરૂ કરવામાં આવી છે.

આગામી સમયમાં આણંદ, ભરૂચ, મોરબી, સુરેન્દ્રનગર, ભૂજ અને પાટણ જેવા વિસ્તારોમાં પણ આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. આ ઉપરાંત બજેટમાં ઈલેક્ટ્રિક વાહનો પરનો ૧% વેરો વધુ એક વર્ષ લંબાવવામાં આવ્યો છે, જેનાથી રાજ્યની જનતાને રૂ. ૨૧૦ કરોડની રાહત મળશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું. અંતમાં મંત્રીએ કહ્યું હતું કે, ગિફ્ટ સિટી ખાતે IFSCA દ્વારા ૧,૧૦૦થી વધુ એકમોની નોંધણીઓ થઇ છે.

૩૮ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બેંકો, ૬૭ વીમા કંપનીઓ, ૬૦ ફીન-ટેક તેમજ અન્ય વિવિધ પ્રકારના નાણાકીય એકમો સાથે ગિફ્ટ સિટી વિશ્વમાં ઓફશોર નાણાકીય પ્રવૃત્તિઓના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. છેલ્લા સાત વર્ષમાં બેંકિંગ અસ્કયામતોના કુલ કદમાં સાત ગણો વધારો થયો છે, જ્યારે માસિક એક્સચેન્જ ટર્નઓવર હવે ૧૦૦ અબજ યુએસ ડોલરને વટાવી ગયું છે, જે ગીફ્ટ સિટીની વધતી જતી વૈશ્વિક પ્રતિષ્ઠા દર્શાવે છે.

# હરિદ્વાર ખાતે ૧૬ થી ૨૨ મે દરમિયાન શ્રીમદ યોગ ભાગવત મહાપુરાણ કથા









## કથા દરમિયાન આધ્યાત્મિક યોગ પ્રશિક્ષણ શિબિરનું કરાયું આયોજન

રાજકોટ તા ૨૮

હરિદ્વાર ખાતે આગામી તારીખ ૧૬મી મે થી ૨૨ મે દરમિયાન હરિદ્વાર લકુલીશ યોગ આશ્રમ, કાંગરી, ગાંજીવલી, ચંડીદેવી રોડ, નજીબાબાદ હરિદ્વાર ખાતે શ્રીમદ યોગ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. કથા દરમિયાન ડો. આર.જે. જાડેજા ભાવનગર( ૯૪૨૬ ૪૫૦ ૬૧૫ ) તેમજ લકુલીશ યોગ આશ્રમ હરિદ્વાર ના સ્વામી નિખિલાનંદજી(૯૯૨૫૧ ૯૯૭૯૬) દ્વારા કરાયેલા કથાના આયોજનમાં મુખ્ય યજમાન તરીકે જેઠવા પરિવાર કાટવાણા તેમજ નરેન્દ્રસિંહ એ. જાડેજા સાપર અને સહ યજમાન તરીકે ગં. સ્વ. બાશ્રી સજનબા સોઢા, મીનાક્ષીબા ખુમાનસિંહ પરમાર તેમજ જીતેશભાઈ કોઠારી હાજરી આપીને પોત પોતાનાની બનતી સેવા-પૂજા કરશે. કથાના વ્યાસાસને ઈશ્વરીયા- ભાવનગરના શાસ્ત્રી, આધ્યાત્મિક યોગ ગુરુ ભાગવતાચાર્ય ડો. અનિલ કુમાર મહેતા બિરાજીને કથાનું રસપાન કરાવશે. કથા દરમિયાન આધ્યાત્મિક યોગ પ્રશિક્ષણ શિબિરનું પણ ડો. આર.જે. જાડેજા સાહેબ દ્વારા આયોજન કરવામાં આવ્યું હોવાથી શ્રીમદ યોગ ભાગવત સપ્તાહ તેમજ યોગ શિબિરનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

### સરકારે ઉઠાવ્યું 'એસ્મા'નું શસ્ત્રઃ જાહેરનામું ૬ મહિના માટે અમલી

# વીજ કર્મચારીઓ-ઈજનેરોની હડતાલ ઉપર પ્રતિબંધ



ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં વીજ કંપનીઓના વિવિધ કામદાર યુનિયનો દ્વારા આગામી તા.૫ માર્ચથી આંદોલનની નોટીસ આપવામાં આવી છે. ત્યારે રાજય સરકાર દ્વારા આંદોલન શરૂ થાય તે પહેલા જ 'એસ્મા' લાગુ કરી હડતાલ ઉપર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી સમયે જ વીજ કર્મચારીઓ અને ઈજનેરો હડતાલ પાડી સરકારનું નાક દબાવે તેવી શકયતા ધ્યાને લઇ 'એસ્મા' લાગુ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

રાજ્યના ઉર્જા-પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ થયું છે, જેમાં આવશ્યક સેવા જાળવણી અધિનિયમ મુજબ હડતાળ પર પ્રતિબંધ અમલી કરવા અંગે જણાવ્યું છે.

જાહેરનામું આગામી ૬ મહિના સુધી અમલમાં રહેશે. રાજ્યમાં વીજ પુરવઠો ખોરવાય નહીં અને જનજીવન પર અસરો ટાળી શકાય તે માટે આ પગલુ ભરવામાં આવ્યું છે. વીજળી ઉત્પન્ન કરતી કંપનીઓના કર્મચારીઓ, વીજ ટ્રાન્સમિશન સાથે જોડાયેલા કર્મચારીઓ, વીજ વિતરણ (ડિસ્ટ્રિબ્યુશન) કર્મચારીઓ, ઈલેક્ટ્રિકલ પાવર ટ્રેડિંગ અને કો-ઓર્ડિનેશન એક્ટિવિટીમાં જોડાયેલા તમામ કર્મચારીઓ પર આ પ્રતિબંધ લાગુ પડશે.

ઉલ્લેખનીય છે કે, સરકારી વીજ કંપનીઓના કર્મચારી યુનિયનો અને જીઇબી એન્જીનીયર્સ એસો. દ્વારા વિવિધ પડકાર માંગણીઓને લઇ આંદોલનની નોટીસો આપી છે અને જિલ્લા-તાલુકા તથા પાલિકા-મહાપાલિકાઓની ચુંટણી સમયે જ હડતાલનું શસ્ત્ર ઉગામે તેવી શકયતાના પગલે રાજ્ય સરકારે એસ્મા લાગુ કરી દીધો છે અને આગામી તા.૨૦ માર્ચથી છ માસ માટે હડતાલ ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો છે.

# હોળી-ધુળેટી પર્વ વચ્ચે પણ ધોકો !

## અત્યાર સુધી દિવાળી પર્વ પર અવારનવાર ધોકા આવ્યા છે : વર્ષનું પહેલું ચંદ્રગ્રહણ



રાજકોટ, તા. ૨૮

આ વર્ષે હોળી અને રંગપર્વ ધુળેટીના ઉત્સવ અંગે અવઢવ ઉભી થઇ છે. અત્યાર સુધી તિથીની વધઘટ કે સુર્યોદય સમયે ઉદિત તિથીને કારણે દિવાળી પર્વ ઉપર ધોકો આવતો હતો. આ વર્ષે પહેલી જ વાર હોળી અને રંગપર્વ ધુળેટી વચ્ચે ધોકો આવી રહ્યો છે. આનું કારણ પુનમની ઉદિત તિથી સાથે સોમવારે થનારા ચંદ્રગહણ અને ભદ્રાનો વાસ ગણવામાં આવે છે.આ વર્ષે અત્યાર સુધીમાં ન બન્યું હોય તેમ હોલિકા દહન અને ધુળેટી વચ્ચે પડતર દિવસ (ધોકો) છે. સામાન્ય રીતે હોલિકા દહન થાય એ પછી હોળાષ્ટક પુરા થઈ જતાં હોય છે. પણ, આ વર્ષે તો હોલિકા દહન પછી પણ એક દિવસ પછી એટલે કે મંગળવારે સાંજે હોળાષ્ટક પુર્ણ થશે. આ કારણે રંગપર્વ ધુળેટી બુધવારના રોજ ઉજવાશે.

હોલિકા દહન સાથે વર્ષનુ પહેલું ચંદ્ર ગ્રહણ છે. આ ગ્રહણ ભારતના કેટલાંક પુર્વીય વિસ્તારોમાં દેખાશે. જ્યારે પશ્ચિમી ભારતના સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રના મુંબઈ પ્રદેશોમાં ગ્રહણ દેખાશે નહીં એટલે ધાર્મિક માન્યતાઓ અનુસાર પાળવાનું રહેશે નહી કે ધાર્મિક દ્રષ્ટિકોણથી સુતક લાગશે નહીં. ગત તા. ૧૭ ફેબ્રુઆરીએ મહાવદ અમાવસ્યાએ વિક્રમ સંવત ૨૦૮૨નું પ્રથમ કંકણાકૃતિ સુર્યગ્રહણ થયું હતું. આ ગ્રહણ ભારતમાં દેખાવાનું નહોતું એટલે ધાર્મિક માન્યતા મુજબ તે પાળવાનું નહોતું એ સ્પષ્ટ હતું. પણ હવે પંદર દિવસમાં બીજું ગ્રહણ તા. ૨ માર્ચના રોજ છે. આ ખંડ ગ્રાસ ચંદ્ર ગ્રહણ ભારતના પુર્વ ભાગોમાં દેખાવાનું હોવાથી તેના સુતકકાળ અને ધાર્મિક માન્યતા મુજબ પાળવા બાબતે પણ અવઢવ ઉભી થઈ છે. વળી, આ ચંદ્ર ગ્રહણ ફાગણસુદ પુનમ એટલે કે હોલિકા દહન પર્વ ઉપર થવાનું છે. સાથોસાથ ભદ્રાનો વાસ પણ પુનમની રાત્રીના છે. પુનમ તિથી સોમવારે સાંજે ૫-૫૫ મિનિટથી શરૂ થશે અને, મંગળવાર તા. ૩ માર્ચ સાંજે ૫-૦૬ મિનિટે પુર્ણ થશે.

આ મુજબ પ્રદોષવ્યાપીની પુનમ હોવાથી તા. ૨ માર્ચ સોમવારે હોલિકા દહન થશે. બીજી બાજું તા. ૨ના રોજ વિક્રમ સંવંત ૨૦૮૨નું પહેલું ખંડગ્રાસ ચંદ્ર ગ્રહણ પણ છે. આ ચંદ્ર ગ્રહણ સિંહ રાશીમાં અને પુર્વાફાલ્ગુની નક્ષત્રમાં થશે. પંચાંગ અનુસાર આ ગ્રહણ પુર્વ એશિયા, ઓસ્ટ્રેલિયા, પેસેફિક અને અમેરિકામાં જોવા મળશે. જ્યારે ભારતમાં પુર્વીય ભારત, મધ્ય ભારત અને પુર્વીય ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં જોવા મળશે. જો કે, આ માટે સ્થાનિક ચંદ્રોદયનો સમય આધારે ગ્રહણ પાળવું કે નહીં તે નક્કી કરવાનું રહેશે. સૌરાષ્ટ્રના મોટાભાગના શહેર તથા ગામડાનો ચંદ્ર ઉદય ૬.૪૭ કલાક પછી હોવાથી ચંદ્ર ગ્રહણ સૌરાષ્ટ્ર મા ચંદ્ર ઉદય પહેલા જ પૂર્ણ થઈ જશે. આથી મંગળવારે થતું ચંદ્રગ્રહણ સૌરાષ્ટ્રમાં ધાર્મિક દ્રષ્ટિએ પાળવાની જરૂર રહેશે નહીં .

પંચાંગ પ્રમાણે જોઈએ તો મુંબઈ શહેરનો ચંદ્ર ઉદય સાંજે ૬.૪૫ કલાકનો છે. આ ગ્રહણ મુંબઈમાં માર્ઘ સ્વરૂપે દેખાતા ત્યાં પણ આ ચંદ્ર ગ્રહણ ધાર્મિક દ્રષ્ટિએ પાળવાની જરૂર રહેતી નથી. સૌરાષ્ટ્રના મુખ્ય શહેરોના ચંદ્રોદય જોઈએ તો રાજકોટમાં સાંજે ૬.૫૨, જેતપુરમાં સાંજે ૬.૫૦, ધોરાજીમાં સાંજે ૬.૫૩, ઉપલેટામાં સાંજે ૬.૫૪, જૂનાગઢમાં સાંજે ૬.૫૩, અમરેલીમાં સાંજે ૬.૫૦, મોરબીમાં સાંજે ૬.૫૧, દ્વારિકામાં સોમનાથમાં ૬.૫૪,ભાવનગરમાં સાંજે ૬.૪૭ કલાકે ચંદ્રોદય થશે. આમ સૌરાષ્ટ્રમાં જોઈએ તો ચંદ્રગ્રહણ પૂર્ણ થયા બાદ મોટાભાગના શહેરોનો તથા ગામડાઓનો ચંદ્ર ઉદય છે. આથી ચંદ્રગ્રહણ ધાર્મિક દ્રષ્ટિએ પાળવાની જરૂર રહેતી નથી.

જો કે અમુક નાના મોટા મંદિરો સાંજના ચંદ્રગ્રહણ સમયે બંધ રાખવાના છે અને ઘણા ખરા મંદિરો ખુલ્લા પણ રહેશે. નિષ્ણાંતોના મતે ગ્રહણ સ્પર્શ સોમવાર બપોરે ૩-૨૦ મિનિટે થશે. અને ગ્રહણ મોક્ષ સાંજે ૬-૪૭ મિનિટે થશે.

સૌરાષ્ટ્રમાં મોટાભાગના વિસ્તારોમાં ચંદ્રોદયનો સમય સાંજે ૬- ૫૦ પછીનો છે. નિષ્ણાંતોના મતે આ ગ્રહણ પશ્ચિમી ભારતના દ્વારકા, જામનગર, પોરબંદર, વેરાવળ, જૂનાગઢ, રાજકોટ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, સ્થળોએ ચંદ્રગસ્તોદય થશે. અને અમરેલી વગેરે સ્થળોએ ગ્રહણમોક્ષ પછી ચંદ્રોદય છે. જ્યારે બોટાદ, ભાવનગર, અમદાવાદ, વિરમગામ, નડીયાદ, આણંદ, ગ્રહણ મોક્ષ ૬-૪૭ મિનીટે થશે. ચંદ્રોદય અને ગ્રહણ મોક્ષ વચ્ચેની સમય અવધી ચાર મિનીટથી ઓછી હોય શાસ્ત્રોના મત અનુસાર ગ્રહણ પાળવાનું રહેશે નહીં.

## પદયાત્રીઓ માટે ખંભાળિયાથી દ્વારકા સુધી સેવા કેમ્પો ધમધમ્યા

# દ્વારકા મંદિરમાં મંગળવારે ફૂલડોલ ઉત્સવ

### સૌરાષ્ટ્ર કચ્છ સહિત અનેક વિસ્તારોમાંથી પદયાત્રા કરી ભાવિકો દ્વારકામાં ઉમટી રહ્યા છેઃ ખંભાળિયા દ્વારકા હાઈવે પર પદયાત્રિકોનો ભારે પ્રવાહ સાથે સેવકોની અનેરી સેવા







રાજકોટ , તા. ૨૮

દેશના પ્રમુખ તીર્થ ક્ષેત્ર અને લાખો ભાવિકોના આસ્થાના કેન્દ્ર સમા ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકામાં આગામી ૩ માર્ચ મંગળવારના રોજ દિવ્ય અને ભવ્ય ફૂલડોલ ઉત્સવ ઉજવાશે. દ્વારિકાનાથની હાજરીમાં ભવ્ય અને દિવ્ય ફુલડોલ ઉત્સવ ઉજવણીમાં સહભાગી થવા અને સાક્ષી બનવા સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાત, રાજસ્થાન , મારવાડ સહિતના સ્થળોએથી ભાવિકો દ્વારકામાં ઉમટી પડયા છે. હજી બે મંગળવાર સવાર સુધી ભાવિકોનો પ્રવાહ ચાલુ રહેશે.

સૌરાષ્ટ્રના અલગ અલગ પ્રદેશોમાંથી પદયાત્રા કરીને દ્વારકા તરફ જતાં લાખો ભાવિક પદયાત્રીઓ માટે ખંભાળિયાથી દ્વારકા સુધી સેવાકેમ્પો ધમધમી રહ્યા છે. હાઈવે પર ભાવિકોના અવિરત પ્રવાહના પગલે કોઈ દુર્ઘટના ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બીજી બાજું ફૂલડોલ ઉત્સવને અનુલક્ષી દ્વારકાના કેટલાંક માર્ગો પર પ્રતિબંધ જાહેર કરાયો છે. લાખો ભાવિકોની હાજરીથી દ્વારકામાં ભક્તિનો મહાસાગર ઘુઘવ્યો હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. શહેરની તમામ હોટલો, રેસ્ટોરન્ટો અને ધર્મ શાળાઓમાં પગ મુકવાની પણ જગ્યા રહી નથી.

ફૂલડોલ ઉત્સવમાં ભાવિકોના પ્રવાહને ધ્યાને લઈને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્રએ દ્વારકામાં લોખંડી સુરક્ષા કવચ ઉભું કરી બાજ નજર રાખી રહ્યું છે. ભાવિકો માટે દ્વારકાધીશ દેવસ્થાન સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેક્ટર રાજેશ તન્ના દ્વારા ફૂલપ્રૂફ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થાને આખરી ઓપ આપતા પહેલા જિલ્લા કલેક્ટરે મંદિર સંલગ્ન તમામ વિસ્તારની મુલાકાત લઈને બારીક અવલોકન કર્યું હતું. પ્રાંત અધિકારી આમોલ આવટે, દેવસ્થાન સમિતિના વહીવટદાર હિમાંશુ ચૌહાણ, જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા અને વિભાગીય પોલીસ અધિક્ષક સાગર રાઠોડ સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમજ સુરક્ષા વિભાગ અને સામાજિક સંસ્થાઓ સાથે સંકલન સાધીને તમામ તૈયારી પૂર્ણ કરવામાં આવી છે. કેટલાંક માર્ગો પર પ્રતિબંધ તેમજ વાહન પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

યાત્રિકો હાથી ગેટથી ગોમતી ઘાટના દર્શન કરીને છપ્પન સીડી મારફતે મંદિરમાં પ્રવેશ કરી શકશે. દર્શનાર્થીઓની સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે હાથી ગેટથી એક કિલોમીટર સુધીનું બેરિકેટેડ કવચ ઉભું કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર દ્વારા મંદિરને જોડતા રસ્તાઓ પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ નિયમનો કડક અમલ થાય તે માટે પોલીસે ખાસ પોઈન્ટ ઊભા કર્યા છે. યાત્રિકોના વાહનો માટે હાથી ગેટ, દેવસ્થાન સમિતિના ઈસ્કોન ગેટ પાસે આવેલ યાત્રિક સંકુલ અને સનસેટ પોઈન્ટના ખુલ્લા ગ્રાઉન્ડમાં કામચલાઉ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

### ભક્તિ, અને સેવાભાવનાનો ભવ્યતાનો સંગમ સેવા કેમ્પો

દ્વારકા ફલડોલ મહોત્સવ માટે જતાં લાખો પદયાત્રીઓ માટે ખંભાળિયાથી દ્વારકા સુધીના માર્ગ પર સેવા કેમ્પોની હારમાળાઓ જોવા મળી રહી છે. ખાસ કરીને ખંભાળિયા નજીક વડત્રા વિસ્તાર પાસે કેટલાક સેવા કેમ્પો ભવ્ય અને શણગાર સભર દેખાઈ રહ્યા છે દૂરથી જ ઝળહળતી રોશની, રંગબેરંગી ફૂલોથી સજ્જ પ્રવેશદ્વાર અને વિશાળ શાહી સામિયાણા પદયાત્રીઓનું ધ્યાન આકર્ષે છે. બહારથી જ આકર્ષક દેખાતા આવા કેમ્પોમાં પ્રવેશતાં જ ભક્તિ અને ભાવનાનો અનોખો માહોલ અનુભવાય છે. રાજકોટના દ્વારકાધિશ ગ્રુપ હરસોડા પરિવાર દ્વારા સંચાલિત સેવા કેમ્પ ભવ્ય શણગાર, વિશાળ સામિયાણા અને રોશનીનો ઝળહળાટ અહીં આવનાર દરેક પદયાત્રીઓને વિરામ લેવા આમંત્રિત કરે છે. કેમ્પમાં અવિરત સેવા આપનારા હરસોડા પરિવારના દેવુભાઈ હરસોડાના કહેવા મુજબ, હરસોડા પરિવાર છેલ્લા પંદર વર્ષથી દ્વારકા પદયાત્રામાં સેવા આપી રહ્યો છે. છેલ્લા ચાર વર્ષથી સેવા કેમ્પને શાહી સામિયાણા સ્વરૂપે વિશાળ અને ભવ્ય રીતે તૈયાર કરવામાં આવે છે. સેવા કેમ્પમાં પીવાનું શુદ્ધ પાણી, ગરમ ભોજન, નાસ્તો, આરામ માટે બેઠક અને વિરામ વ્યવસ્થા, તબીબી સુવિધા સહિતની સગવડો ઉપલબ્ધ કરવામાં આવી છે. રાત્રિના સમયે રાસ અને ગરબા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 30થી વધુ કલાકારો સંગીત અને ભક્તિરસથી ભરપૂર કાર્યક્રમો રજૂ કરે છે

## કલેકટર તંત્રની સ્ટ્રાઈક : આગામી દિવસોમાં પણ દબાણો થશે દૂર

# આણંદપર નવાગામના દબાણો દૂર





રાજકોટ, તા. ૨૮

રાજ્ય સરકાર દ્વારા હાલ ગુજરાતને દબાણ મુક્ત બનાવવાનો જે નિર્ણય લીધો છે તે દિશામાં તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે. હાલ તંત્ર દ્વારા જંગલેશ્વરમાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું ત્યારે ફરી એક વખત રાજકોટ તાલુકાના આણંદપર નવા ગામના તળાવ કાંઠે ગેરકાયદે દબાણો થયેલા હતા તેને દૂર કરવામાં આવ્યા છે અને આ કવાયત તાલુકા મામલતદાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મનપા દ્વારા મેગા જંગલેશ્વર ડિમોલીશન બાદ હવે રાજકોટ કલેકટર તંત્ર પણ ગેરકાયદેસર દબાણો સામે સક્રિય બન્યું છે. અને ગઈકાલે સાંજે રાજકોટ તાલુકાના આણંદપર (નવાગામ)નાં તળાવ કાંઠે લાખો રૂપિયાની સરકારી જમીનમાં ગેરકાયદેસર ખડકાઈ ગયેલા દબાણો ઉપર રાજકોટ તાલુકા મામલતદારે જિલ્લા કલેકટરના આદેશ મુજબ બુલડોઝર ફેરવી દીધુ હતું.

આ અંગે વધુ વિગતો આપતા રાજકોટ તાલુકા મામલતદાર મકવાણાએ જણાવેલ હતું કે રાજકોટ તાલુકાના આણંદપર (નવાગામ) ગામના સરકારી ખરાબાના સ.નં.૨૦૭ પૈકીની જમીનમાં રહેણાંક હેતુ માટેનું ૮ (આઠ) ઓરડીઓનું અંદાજીત ૧૦૦૦ ચો.મી.માં અનઅધિકૃત બાંધકામ થયેલું જે અનઅધિકૃત બાંધકામો શુક્રવાર તા . ૨૭ના રોજ પીજીવીસીએલની ટીમ તથા પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ રીતે દુર કરવામાં આવ્યું હતું. જિલ્લામાં હજુ પણ આ પ્રકારની એક નહીં અનેક મિલકતો પર દબાણો થયેલા છે જેને દૂર કરવામાં આવશે અને આ બાબતે મામલતદાર અને પ્રાંત અધિકારીને કલેક્ટર દ્વારા સૂચિત પણ કરવામાં આવ્યા છે.

# કોંગ્રેસે વોર્ડ ૨માં સાધ્યો લોકસંપર્ક

### મનપા ચૂંટણીમાં ભાજપને ટક્કર આપવા કોંગ્રેસ સજ્જ



રાજકોટ, તા. ૨૮

છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસ દરેક વોર્ડમાં જઈ જનસંપર્ક સાધ્યો છે કારણ કે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં આ વખતે કોંગ્રેસ દ્વારા જન સંપર્ક અત્યારથી જ શરૂ કરી દેવામાં આવ્યો છે જેનાથી ચૂંટણી પરિણામમાં ફેરફાર આવે તેવું જણાઈ રહ્યું છે. પરંતુ ખરી વાસ્તવિકતા એ છે કે હજુ સુધી જે ભરોસો હોવો જોઈએ તે હજી સુધી કોંગ્રેસ સ્થાપિત કરી શક્યું નથી. હાલ કોંગ્રેસ દ્વારા કોંગ્રેસ આપને દ્વાર ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જેમાં છેલ્લા ઘણા સમયથી વિવિધ વોર્ડમાં તેમના દ્વારા જન સંપર્કના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ગઈકાલે કોંગ્રેસ વોર્ડ નંબર બે માં પહોંચી હતી અને લોકો સાથે સંપર્ક સાધ્યો હતો.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા યોજાયેલ ''કોંગ્રેસ આપને દ્વાર-જનતાની વેદના'' અભિયાન અંતર્ગત રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આજે વોર્ડ નં. ૨ ના વિવિધ વિસ્તારોમાં વ્યાપક જનસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. કોંગ્રેસના આગેવાનો દ્વારા ઘરઘર સંપર્ક કરીને નાગરિકો સાથે સીધી મુલાકાત કરી તેમની વાતો સાંભળવામાં આવી હતી તથા જનતાની લાગણીઓ અનેપ્રશ્નોને નજીકથી સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ જનસંપર્ક દરમિયાન વોર્ડ નં. ૨ ના નાગરિકોએ પોતાના સ્થાનિક પ્રશ્નો અને મુશ્કેલીઓ કોંગ્રેસ સમક્ષ રજૂ કર્યા હતા. લોકોએ જણાવ્યું હતું કે, તેઓ પોતાના પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે આશાવાદી છે અને કોંગ્રેસ દ્વારા ચલાવવામાં આવતું આ અભિયાન લોકોની વેદનાને યોગ્ય મંચ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. નાગરિકોએ કોંગ્રેસના આગેવાનો સાથે ખુલ્લેઆમ ચર્ચા કરીને પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા અને કોંગ્રેસ પ્રત્યે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# એક સાથે સાત વોર્ડમાં પાણી કાપ

### ઈસ્ટ ઝોનના વોર્ડ ન.૪-૫-૬-૧૫- અને વેસ્ટ ઝોનના વોર્ડ નં. ૮- ૧૧ અને ૧૩ના ૧૫૦ થી વધુ વિસ્તારો રહેશે તરસ્યા



રાજકોટ , તા. ૨૮

મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનીટ દ્વારા અલગઅલગ હેડ વર્કસ પરના જી.એસ.આર.ની સફાઈની કામગીરીના કારણે રવિવાર તા. ૧ માર્ચના રોજ એક સાથે સાત વોર્ડના દોઢસોથી વધુ વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રાખવામાં આવશે.આજે રવિવાર તા. ૧ના રોજ જે હેડ વર્કસ હેઠળના વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેવાનું છે તેમાં આજી- ૩૦ આધારિત વિસ્તારોમાં ઈસ્ટ ઝોનના વોર્ડ ન.૪-૫-૬-૧૫- અને વેસ્ટ ઝોનના ચંદ્રેશ નગર આધારિત વિસ્તારોમાં વોર્ડ નં. ૮- ૧૧ અને ૧૩ પાર્ટના

વિસ્તારોનો સમાવેશ થાય છે. વોર્ડ નં.૪ના આજી ૩૦ ઈંચની લાઈન હેઠળના રિધ્ધિ સિધ્ધિ, ગાંધી સ્મૃતિ, મહાકાળી સોસાયટી, શિવમ પાર્ક ૧ થી ૬,ગાંધી સોસાયટી ૧ થી ૫,જય નંદ નગર, વિજય વંત નગર ૧ થી ૩, બેડી પરા ( પાર્ટ), બોરીચા સોસાયટી, ત્રિમૂર્તિ ચોક ,સીતારામ રોડ (પાર્ટ), બેચર મારાજ શેરી, આયસબા પીર રોડ, વાંઢા પીપળ વાળી શેરી, કાબા કુંભાર વાળી શેરી, નંદ નગર, લંગડા હનુમાન વાળી શેરી, ભલા ભરવાડ શેરી, ગંગેશ્વર મહાદેવ મેઈન રોડ, નંદનવન, મીયાણા વાસ, મહાત્મા ગાંધી પ્લોટ ૧ થી ૧૨,ખોડીયાર પરા ૧ થી ૩, લાતી પ્લોટ ૧ થી ૧૭, ઘરમ નગર ૧ થી ૪, ભગવતી પરા ૧ થી ૨૨, શાંતિ નગર, શ્રમજીવી સોસાયટીનો સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૫ માં આર્ય નગર, બ્રાહ્મણીયા પરા-૧૦ થી ૨૧, ગઢીયા નગર-૨, ન્યુ ગાંધી સોસા., કૈલાશ ધારા સોસા., કેયુર પાર્ક, મોતીબાગ,નંદુ બાગ, ન્યુ શક્તિ સોસા., રણછોડ નગર, રત્નદીપ સોસા.(પાર્ટ), ત્રિવેણી સોસાયટીમાં પાણી વિતરણ બંધ રખાશે.

વોર્ડ નં.૬માં રણછોડ નગર, ચંપક નગર, બ્રાહ્મણિયા પરા, શીંગળા પ્લોટ, ગઢીયા નગર, શક્તિ સોસાયટી (ફાયર બ્રિગેડ), ગીરનારી શેરી, સીતારામ રોડ, સેફી કોલોની, ફકરી પાર્ક, બદ્રી હાઉસ, પાંજળાપોળ, મનહર પરા, બેડીપરા શ્રમજીવી, ચુનારાવાડ, સીતારામ નગર, મયુર નગર, મયુર નગર મફતીયા પરા, સિલ્વર નેસ્ટ સોસા., શક્તિ ઈન્ડસ્ટ્રીનો સમાવેશ કરાયો છે

ઈસ્ટઝોન હેઠળના જ વોર્ડ નં. ૧૫માં આંનંદ નગર, આજી જી.આઈ.ડી.સી., ભરત નગર, પોલીટેકનીક, આઈ.ટી.આઈ., ખોડીયાર પરા સંપૂર્ણ (શેરી નંબર-૧ થી ૪૦), આજી વસાહત સંપૂર્ણ (શેરી નંબર-૧ થી ૬), આંબેડકરનગર સંપૂર્ણ (શેરી નંબર ૧ થી ૧૪), ન્યુ સર્વોદય સંપૂર્ણ (શેરી ન.-૧ થી ૧૩), અવધ પાર્ક સંપૂર્ણ (શેરી નં-૧ થી ૪), ક્રિષ્ના પાર્ક ૧ તથા ૨, સર્વોદય સોસા. સંપૂર્ણ (શેરી ન.-૧ થી ૫), રામનગર સંપૂર્ણ (શેરી ન.-૧ થી ૧૦), આરાધના સોસા., નવા થોરાળા, ગોકુલ પરા, વણકર વાસ સંપૂર્ણ (શેરી ન.૧ થી ૬), કસ્તુરબા હરિજનવાસ, વિનોદ નગર, કુબલીયા પરા, બાપા સીતારામ નગર, લાખાજીરાજ ઉદ્યોગનગર સંપૂર્ણ (શરી.ન.૧ થી ૧૪), ગંજીવાડા શેરી ન.૧ થી ૧૮, ૪૧, ૪૨, ૪૩, ૬૫, ૬૯, ૭૦, ૭૬ તથા ૭૭, મેરામબાપાની વાડી સંપૂર્ણ (શેરી નં-૧ થી ૪), મનહર સોસા, સંપૂર્ણ (શેરી નં-૧ થી ૭), શિવાજી નગર પાર્ટલી શેરી ન.-૧ થી ૧૨, વર્ધમાન ઈન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે.

આવી જ રીતે વેસ્ટ ઝોન હેઠળના વોર્ડ નં.૮માં ચંદ્રેશનગર હેડવર્કસના વિસ્તારો જેમાં લક્ષ્મી નગર, નંદ કિશોર સોસા., રાધાનગર, પટેલ પાર્ક, પુર્ણિમા સોસા., જયશકિત સોસા., દાસી જીવણપરા, કરણ પાર્ક, વિદ્યુતનગર, ભકિતધામ, દેવનગર, મેઘમાયાનગરનો સમાવેશ થાય છે તેમાં પણ પાણી વિતરણ બંધ રાખવામાં આવશે.

જ્યારે વેસ્ટઝોન હેઠળના જ વોર્ડ નં.૧૧ના માયાણી નગર આવાસ યોજના, માયાણીનગર-પાર્ટ, વિશ્વનગર આવાસ યોજના, વિશ્વનગર-પાર્ટ, સિલ્વર હાઇટસ એપા., વિરલ સોસા., નહેરૂ નગર સોસા., નહેરૂ નગર અઘાટ, પટેલ પાર્ક, આદિત્ય પાર્ક, ગીરનાર સોસા., સરદારનગર, ચામુંડાનગર-પાર્ટ, અલ્કા સોસાયટી,-પાર્ટ, ઉદયનગર-૧, પુનમ સોસા.-પાર્ટ, ઓમનગર-પાર્ટ-(બી) માં પણ તા. ૧ માર્ચ રવિવારે પાણી વિતરણ બંધ રખાશે. વોર્ડ નં.૧૩માં અલ્કા સોસા., ચંદ્રેશનગર, ઉદ્યોગનગર, મવડી પ્લોટ, નવરંગ પરા, મણીનગર, મહાદેવ વાડી, પરમેશ્વર કોલોની, રામેશ્વર પાર્ક, પટેલવાડી, એમ.પી. પાર્ક, જમુના પાર્ક, દીવાન પાર્ક, પૂજા પાર્ક, શોભાના પાર્કને પણ પાણી નહીં મળે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# છાંટા ઉડશે

## યુદ્ધના વૈશ્વિક માહોલથી ભારતના અર્થતંત્રને આડઅસર થઈ શકે




વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે ભૌગોલિક તણાવ ચરમસીમાએ છે. ખાસ કરીને પાકિસ્તાન અફઘાનિસ્તાન વચ્ચેના સીમા વિવાદો અને ઈરાન-અમેરિકા વચ્ચેના સંઘર્ષની સીધી અસર ભારતના અર્થતંત્ર પર પડી શકે છે. ગ્લોબલ વિલેજના આ યુગમાં કોઈપણ ખૂણે થતું યુદ્ધ અન્ય દેશોને અછૂત રાખી શકતું નથી.

ભારત તેની જરૂરિયાતનું ૮૦% થી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવથી હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધ ઊભો થઈ શકે છે. જો તેલના ભાવ વધશે, તો ભારતમાં પરિવહન ખર્ચ વધશે. પરિણામે શાકભાજીથી લઈને જીવનજરૂરી ચીજવસ્તુઓ મોંઘી થશે. મોંઘવારી વધવાથી સામાન્ય માણસનું બજેટ ખોરવાઈ શકે છે.

ગુજરાત ભારતનું મેન્યુફેક્ચરિંગ અને એક્સપોર્ટ હબ હોવાથી આ યુદ્ધોની અસર અહીં વધુ વરતાશે. જામનગરની રિફાઈનરીઓ માટે ક્રૂડની આયાત મોંઘી બની શકે છે, જ્યારે મોરબીના સિરામિક અને સુરતના હીરા ઉદ્યોગને નિકાસમાં અવરોધ નડી શકે છે. શિપિંગ કોસ્ટ અને ઇન્સ્યોરન્સ પ્રીમિયમ વધવાથી ગુજરાતના નાના-મોટા નિકાસકારોના પ્રોફિટ માર્જિન પર દબાણ આવશે.

વડાપ્રધાન મોદીજીનું નેતૃત્વ આવી વૈશ્વિક કટોકટીમાં અત્યંત સ્માર્ટ અને વ્યૂહાત્મક સાબિત થયું છે. રશિયા-યુક્રેન યુદ્ધ વખતે ભારતે પશ્ચિમી દેશોના દબાણ છતાં ડિસ્કાઉન્ટમાં ઓઈલ ખરીદીને અર્થતંત્રને સાચવી લીધું હતું. અત્યારે પણ મોદી સરકાર પાકિસ્તાનને બાયપાસ કરી ઈરાનના ચાબહાર બંદર દ્વારા મધ્ય એશિયા સુધી પહોંચવાની રણનીતિ પર કામ કરી રહી છે. આ સ્માર્ટ ડિપ્લોમસીને કારણે ભારત યુદ્ધ જેવી સ્થિતિમાં પણ પોતાના હિતોનું રક્ષણ કરી નવો આર્થિક ફાયદો શોધી શકે છે.

યુદ્ધની આશંકાથી શેરબજારમાં અસ્થિરતા આવે છે અને વિદેશી રોકાણકારો નાણાં ખેંચી લે છે. ભારત માટે આ સ્થિતિ ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો લાવી શકે છે. વધુમાં, પડોશી દેશોની અશાંતિ ભારતની સુરક્ષા માટે પણ પડકારરૂપ છે, જેની પાછળ સંરક્ષણ ખર્ચ વધવાની શક્યતા રહે છે.

વૈશ્વિક અસ્થિરતા પડકારો તો લાવે છે, પરંતુ ભારતની મજબૂત વિદેશ નીતિ આ આપત્તિને અવસરમાં બદલી શકે છે.

# પૂર્વોત્તર મામલે જાપાને ભારતની કરી પ્રશંસા

## બાંગ્લાદેશના પેટમાં રેડાયું તેલ : જાપાન ઉત્તરપૂર્વ ભારતને બંગાળની ખાડી અને હિંદ મહાસાગર સાથે જોડતી કનેક્ટિવિટીને ટેકો આપશે

નવીદિલ્હી, તા. ૨૮

મેઘાલયની રાજધાની શિલોંગમાં એક વિદેશ નીતિ સંમેલનમાં, જાપાનના વિદેશ પ્રધાન હોરી ઈવાઓએ પૂર્વોત્તરના વિકાસ માટે એક ચોક્કસ યોજનાની રૂપરેખા આપી. તેમણે જણાવ્યું હતું કે જો બાંગ્લાદેશ અને નેપાળ સાથે ગ્રીડમાં એકીકૃત કરવામાં આવે તો પૂર્વોત્તર રાજ્યો શક્તિશાળી વૃદ્ધિ એન્જિન તરીકે સેવા આપી શકે છે. શિલોંગમાં વિદેશ નીતિ થિંક ટેન્ક એશિયન કોન્ફ્લુઅન્સ દ્વારા આયોજિત છઠ્ઠા ભારત-જાપાન બૌદ્ધિક સંમેલનમાં બોલતા, ઈવાઓએ કહ્યું, ''જાપાન ઉત્તરપૂર્વ ભારતને બંગાળની ખાડી અને હિંદ મહાસાગર સાથે જોડતી કનેક્ટિવિટીને ટેકો આપશે. ઉત્તરપૂર્વ ભારત દક્ષિણપૂર્વ એશિયાના પ્રવેશદ્વાર તરીકે મુખ્ય ભૂરાજકીય સ્થાન ધરાવે છે.'' તેમણે એમ પણ કહ્યું કે જાપાન ઉત્તરપૂર્વ ભારતના વિકાસ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. જાપાનનું આ નિવેદન ચીન અને બાંગ્લાદેશને ચિંતા કરે તેવી શક્યતા છે, જેઓ ભારતના આ ક્ષેત્રને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.



ઉત્તરપૂર્વના વિકાસશીલ રાજ્યો અને ભારત વચ્ચે બાંગ્લાદેશનું સ્થાન ભારતીય પ્રદેશો સાથે આ રાજ્યોના જોડાણને નોંધપાત્ર રીતે અસર કરે છે. શેખ હસીનાના પતન પછી બાંગ્લાદેશ સાથે ભારતના સંબંધો બગડ્યા છે. આ પછી, ભારત ઉત્તરપૂર્વ માટે એક મજબૂત યોજના શોધી રહ્યું છે. ફેબ્રુઆરીની શરૂઆતમાં, જાપાને બાંગ્લાદેશ સાથે આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''જ્યારે આપણે આ પ્રદેશને નેપાળ, ભૂતાન, ભારત, બાંગ્લાદેશ અને દક્ષિણપૂર્વ એશિયાને આવરી લેતા મોટા આર્થિક ક્ષેત્રના ભાગ રૂપે જોઈએ છીએ, ત્યારે તેમાં વિકાસના શક્તિશાળી એન્જિન તરીકે સેવા આપવાની વિશાળ સંભાવના છે.''

હોરી ઈવાઓએ વધુમાં જણાવ્યું હતું કે, ઉત્તરપૂર્વ ભારત અને આસપાસના વિસ્તારો વચ્ચે જોડાણ વધારવા ઉપરાંત, વડા પ્રધાન સના તાકાઈચીની નવી સરકાર હેઠળ ટોક્યો, જાપાન અને ઉત્તરપૂર્વ ભારત વચ્ચે લોકો-થી-લોકોના સંબંધો વધારવા તેમજ આર્થિક સુરક્ષા, સેમિકન્ડક્ટર અને સ્વચ્છ ઉર્જાના ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રના સહયોગને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. જાપાન અને બાંગ્લાદેશે માલ અને સેવાઓ માટે વધુ સારી બજાર ઍક્સેસ અને સંબંધિત નિયમો સ્થાપિત કરવા માટે આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. બાંગ્લાદેશ માટે આ આ પ્રકારનો પહેલો કરાર છે, જે બંને દેશોમાં સ્થાનિક પ્રક્રિયાઓ પૂર્ણ થયા પછી અમલમાં આવશે.

જાપાનના વિદેશ મંત્રાલય દ્વારા શુક્રવારે કરાયેલી જાહેરાત અનુસાર, આ કરાર હેઠળ, બાંગ્લાદેશ ધીમે ધીમે સ્ટીલ અને ઓટોમોબાઈલ ભાગો પરના ટેરિફને દૂર કરશે, જ્યારે જાપાન કાપડ ઉત્પાદનો અને અન્ય માલ પરના ટેરિફને તાત્કાલિક દૂર કરશે. જાપાન ઉત્તરપૂર્વ ભારત અને બંગાળની ખાડી અને હિંદ મહાસાગર વચ્ચે જોડાણને પણ ટેકો આપશે. વિદેશ મંત્રી હોરી ઈવાઓએ જણાવ્યું હતું કે ઉત્તરપૂર્વ ભારત દક્ષિણપૂર્વ એશિયાના પ્રવેશદ્વાર તરીકે મુખ્ય ભૂરાજકીય સ્થાન ધરાવે છે.




# જમ્મુમાં PIA લખેલું બલૂન મળ્યુ

## સરહદ પારથી વધતી જતી શંકાસ્પદ પ્રવૃત્તિઓએ સુરક્ષા એજન્સીઓમાં ચિંતા વધારી

નવીદિલ્હી, તા. ૨૮

જમ્મુમાં ''પાકિસ્તાન ઇન્ટરનેશનલ એરલાઇન્સ'' (PIA) લખેલું એક બલૂન મળી આવ્યું હતું. પોલીસે તેને જપ્ત કર્યું છે. આ બલૂન જમ્મુના ફલૈન મંડલ વિસ્તારમાંથી મળી આવ્યું હતું. આ બલૂન પર અંગ્રેજી અને ઉર્દૂમાં ''PIA'' લખેલું છે. અગાઉ જમ્મુ અને કાશ્મીરમાં, સૈનિકોએ શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લાના ગુલપુર સેક્ટરમાં નિયંત્રણ રેખા (LoC) નજીક એક શંકાસ્પદ ડ્રોન જોયું હતું અને તેના પર અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જોકે, માનવરહિત હવાઈ વાહનને તોડી શકાયું ન હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે UAV બાદમાં ગુલપુરના સિરિયન ગામ તરફ આગળ વધ્યું હતું અને અહેવાલ મુજબ LoC ની બીજી બાજુ પાર કરી ગયું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ સેક્ટરમાં દેખરેખ વધારી છે અને કોઈ શસ્ત્રો કે માદક દ્રવ્યોના એરડ્રોપ ન થયા હોય તેની ખાતરી કરવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

આ મહિનાની શરૂઆતમાં, એક સંયુક્ત કાર્યવાહીમાં, JK પોલીસ અને સરહદ સુરક્ષા દળે ૧૪ ફેબ્રુઆરીના રોજ જમ્મુના આરએસ પુરા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આશરે ૪૦ કરોડ (આશરે ₹૪૦ કરોડ) મૂલ્યના ૬ કિલો ડ્રોન દ્વારા છોડવામાં આવેલા માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કર્યો હતો.

જમ્મુ અને કાશ્મીરમાં સરહદ પારથી વધતી જતી શંકાસ્પદ પ્રવૃત્તિઓએ સુરક્ષા એજન્સીઓમાં ચિંતા વધારી છે. તાજેતરમાં જમ્મુમાં ""PIA"" શબ્દવાળા ફુગ્ગાની શોધ, પૂંચમાં એક શંકાસ્પદ ડ્રોન જોવા મળ્યું અને આરએસપુરામાં ₹૪૦ કરોડ (US1.2 મિલિયન) મૂલ્યના માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત થયો તે સ્પષ્ટપણે દર્શાવે છે કે પાકિસ્તાન આ પ્રદેશમાં ઘૂસણખોરી અને અસ્થિરતા લાવવાના સતત પ્રયાસો કરી રહ્યું છે.

# શાઈન સિટી કૌભાંડનો મુખ્ય આરોપી UAEથી પકડાયો




૮૦૦-૧૦૦૦ કરોડના રોકાણ છેતરપિંડીનો આરોપ : ૫૦૦ થી વધુ કેસ

નવીદિલ્હી, તા. ૨૮

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં થયેલા અત્યંત વિવાદાસ્પદ શાઈન સિટી કૌભાંડના મુખ્ય આરોપી રાશિદ નસીમની ધરપકડ કરવામાં આવી છે. જોકે, રાશિદની સંયુક્ત આરબ અમીરાત (UAE) માં ધરપકડ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની વિનંતી પર તેની ધરપકડ કરવામાં આવી હતી. શાઈન સિટી ગ્રુપના પ્રમોટર નસીમ પર ૮૦૦-૧૦૦૦ કરોડના રોકાણ છેતરપિંડીનો આરોપ છે. દેશભરમાં રાશિદ સામે ૫૦૦ થી વધુ કેસ નોંધાયેલા છે. ઉત્તર પ્રદેશ સહિત અન્ય ઘણા રાજ્યોમાં તેની સામે આશરે ₹૧૦૦૦ કરોડના છેતરપિંડીના આરોપસર કેસ નોંધાયેલા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, દુબઈ પોલીસે તેની અટકાયત કરી છે. હવે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને ઉત્તર પ્રદેશ પોલીસની આર્થિક ગુના શાખા (EOW) તેને ભારત પ્રત્યાર્પણ કરવાની પ્રક્રિયામાં છે. રાશિદ પર ₹૮૦૦-૧૦૦૦ કરોડના રોકાણ છેતરપિંડીનો આરોપ છે. લખનૌ PMLA કોર્ટે તેને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કર્યો હતો. ઊઉ એ તેની ₹૧૨૭ કરોડની સંપત્તિ પણ જપ્ત કરી છે. આ ધરપકડ મની લોન્ડરિંગ તપાસનો એક ભાગ છે. એવો આરોપ છે કે લોકોને ઊંચા નફાનું વચન આપીને તેમની પાસેથી પૈસા વસૂલવામાં આવ્યા હતા. EDના જણાવ્યા મુજબ, નસીમે જાણી જોઈને તપાસથી બચવાનો પ્રયાસ કર્યો હતો.

સમન્સ પાઠવવામાં આવ્યા છતાં, તે હાજર થયો ન હતો. બાદમાં તે નેપાળ થઈને ભારત ભાગી ગયો અને દુબઈમાં સ્થાયી થયો. ડિસેમ્બર ૨૦૨૫માં, કોર્ટે તેની આશરે ₹૧૨૭.૯૮ કરોડની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ આપ્યો. જાન્યુઆરી ૨૦૨૬માં, EDએ નસીમ વિરુદ્ધ UAE અધિકારીઓને એક વિગતવાર ડોઝિયર રજૂ કર્યું, જેમાં ભારતમાં તેની સામે કાનૂની કાર્યવાહીની વિગતો આપવામાં આવી હતી. ત્યારબાદ, તેની ઝઅઊમાં ધરપકડ કરવામાં આવી હતી.

UAEમાં ધરપકડ બાદ, રાશિદ હાલમાં UAE પોલીસની કસ્ટડીમાં છે. ભારત સરકાર ટૂંક સમયમાં તેના પ્રત્યાર્પણની પ્રક્રિયા શરૂ કરી શકે છે જેથી તેને ભારત લાવી શકાય અને તેની સામે કાર્યવાહી કરી શકાય. શાઈન સિટી કૌભાંડનો મુખ્ય સૂત્રધાર રાશિદ નસીમ, પ્રયાગરાજના GTB નગરના કરેલીનો રહેવાસી છે. રાશિદ વિરુદ્ધ મોટાભાગના કેસ લખનૌમાં નોંધાયેલા છે. રાશિદ નસીમ પર લોકોને ડબલ રિટર્નના વચન આપીને છેતરપિંડી કરવાનો આરોપ છે. તપાસ એજન્સીઓનો દાવો છે કે રાશિદ દુબઈથી આખું નેટવર્ક ચલાવતો હતો. લખનૌ શાઈન સિટી કૌભાંડના મુખ્ય આરોપી રાશિદ નસીમની સંયુક્ત આરબ અમીરાતમાં ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ EDની પહેલ પર કરવામાં આવી છે. દેશના અનેક રાજ્યોમાં રાશિદ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યા છે. ઊઉ હવે ન્યાય સુનિશ્ચિત કરવા માટે તેને ભારત લાવવાની પ્રક્રિયામાં છે.

શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# વાંચન વિશેષ

## વિજળીનાં ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ.. એ આધ્યાત્મિક પદનાં રચયિતા ગંગા સતીને શત શત નમન!



આજનાં અત્યંત તનાવ ભર્યા વાતાવરણમાં જીવનને સકારાત્મક બનાવવાં માટે સદગુરુ કૃપાથી આ કલમથી કંઈ કેટલુંય લખાયું!; એટલે ૨૦૨૦ માર્ચ કોરોનાની મહામારી સમયથી સદગુરુ કૃપાથી ચિંતનની ક્ષણે લગભગ દરેક વિષય પર પ્રકાશ પાડી જીવનને અજવાળું પ્રદાન કરવાં મથી રહ્યું છે. આજે ૧/૩ ૨૦૨૬ છે, અને આ વખતે વિમેન્સ વીક માટે આઠ મહિલા પ્રતિભા પર લખવું એવું નક્કી કર્યું! આપણે સૌ જાણીએ છીએ કે શક્તિ કહો, નારી કહો, કે મહિલા કહો એનાં વગર અસ્તિત્વ રુપે અવતરવું અને અવતર્યા બાદ જીવનને ટકાવી રાખવાં મનુષ્યને કેટલીય પ્રકારની શક્તિ જોઈએ, અને કઠિનમાં કઠિન સમયમાં સકારાત્મક શક્તિ સ્તોત્ર તરીકે મહિલાઓએ બહુ ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે. આમ તો સમગ્ર વિશ્વની મહિલા નિષ્કામ અને નિઃસ્વાર્થ એવાં ઉમદા કાર્ય માટે વંદનીય છે જ, પણ એનો એટલો પરિચય ન હોવાથી, આપણે આપણી સંસ્કૃતિની સંસ્કાર ગાથા ગાતાં ભારતનાં નારી રત્ન વિશે વાત કરીશું. આજે તો મહિલાઓ શિક્ષણની રીતે ખૂબ આગળ વધી ગઈ છે, પણ એક દોર હતો જ્યારે કન્યા શિક્ષણને મહત્વ અપાતું નહોતું! અને આવાં સમયમાં એક ગામડાની મહિલાએ અધ્યાત્મની વાતો કરી અને એ પણ સામાન્ય થી સામાન્ય સમજ વાળાને સમજાઈ જાય એ રીતે, અને એ મહિલા એટલે ગંગા સતી. તો આપણે આજે આધ્યાત્મિક જ્ઞાનનો પ્રસાદ વહેંચનાર પરમ વિદુષી એવા મા ગંગા સતીનાં ચરણે શબ્દ રુપી ભાવાંજલિ અર્પિત કરીએ.

ગુજરાતી સાહિત્યમાં જેનું નામ મોખરે છે, એવાં ગંગા સતીનો જન્મ મધ્યકાલીન સમયમાં ભાવનગર જિલ્લાનાં પાલીતાણા તાલુકાનાં રાજપરા ગામમાં રાજપૂત કુળમાં થયો હતો. એમનાં માતાપિતાનું નામ રૂપાળી બા અને પિતાનું નામ ભાઈજી જેસાજી સરવૈયા હતું. એમના લગ્ન ભાવનગરના ઉમરાળા તાલુકાના સમઢિયાળા ગામનાં કહળસંગ ગોહિલ બાપુ સાથે થયાં હતાં. આપણાં સાહિત્યમાં ગંગા સતીનાં કેટલાય ભજનો પ્રસિદ્ધ છે, અને કેટલાંય વિદ્યાર્થીઓ એ ગંગા સતીનાં આધ્યાત્મિક ભજનો પર પીએચડી કર્યું છે. એમનાં ભજનો પાનબાઈ ને સંબોધીને છે! કોઈ કહે છે પાનબાઈ એમનાં પુત્ર અજોભાની પત્ની છે, તો કોઈનો મત લગ્ન સમયે પિયરથી એમની સાથે આવેલ ગોલારણ હતી, પણ આપણને એનાથી મતલબ હોવો જોઈએ નહીં! કારણ કે આપણને આટલું ઉચ્ચ જ્ઞાન અને એ પણ એકદમ સહજ અને સરળ શબ્દોમાં મળ્યું, એનું જ મહત્વ છે. એમને રાજબા અને હરિબા બે દિકરી અને અજોભા નામે એક દીકરો હતો.

વીજળી ને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ.. જેવા પ્રસિદ્ધ પદો આપણને મળ્યાં એની પાછળનો ઈતિહાસ રોચક છે. ગંગા સતીનાં પતિ કહળસંગ બાપુને અમુક સિદ્ધ મંત્રનો આવિર્ભાવ થયો હતો. એકવાર એક છોકરાને સર્પ કરડ્યો અને દંશ ઉતારવા એમણે મંત્રનો પ્રયોગ કર્યો, અને છોકરો જીવીત થયો. એકવાર એક ગાય જીવીત થઈ, આમ ચમત્કારિક ઘટના ઘટતાં લોકો કહળસંગ બાપુની ભગવાન જેમ પૂજા કરવાં લાગ્યાં, અને એટલે કહળસંગ બાપુને પાછળથી બહુ પસ્તાવો થયો કે, આવું કરવાથી સમાજમાં આવી સિદ્ધિનાં દૂરપયોગને પ્રોત્સાહન મળશે, અને એમણે સમાધિ લેવાનું નક્કી કર્યું. ગંગા સતીએ પણ એમની સાથે જ સમાધિ લેવાનું નક્કી કર્યું, પરંતુ એમણે એને કહ્યું કે હજી પાનબાઈનું આધ્યાત્મિક જ્ઞાન અધૂરું છે! માટે ગંગા સતી એ પાનબાઈને ૫૨ દિવસ સુધી એક એક પદ દ્વારા આધ્યાત્મિક જ્ઞાન આપ્યું, અને ૫૩ માં દિવસે પછી એમણે પણ સમાધિ લીધી એવી વાત છે. આ પદ કે જ્ઞાન જે ગંગા સતી અને પાનબાઈનાં સંવાદ રુપે આપણે ત્યાં પુસ્તકમાં સચવાયેલું પડ્યું છે.

ગંગા સતીનાં ભજનોની ખાસિયત એ છે કે, આ ભજનો ભક્તિ પ્રેરક હોવાં છતાં એમાં એકપણ ભગવાનનો સંકેત નથી, પરંતુ મોટેભાગે આતંર બાહ્ય પ્રકૃતિમાં સામાન્ય રુપે રહેલા ભગવાનનો મહિમા ગાયો છે! જેમાં સદગુરુ કે સાધુ નો મહિમા છે, તો ક્યાંક ઉચ્ચ વૈજ્ઞાનિક સત્યનો નિર્દેશ પણ છે, અને સૌથી મહત્વનું એમણે તન અને મનનાં બળ તરફ સંકેત કરી માનવીને જાગૃત કર્યા છે.

૧)વીજળીનાં ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ..
નહીં તો અચાનક અંધારા થાય રે...
જોત રે જોતામાં દિવસો વહી ગયાં રે..
એકવીસ હજાર છસોને કાળ ખાયે જી રે..
૨)મેરુ રે ડગે પણ જેનાં મનડા ડગે નહીં પાનબાઈ.
મરને ભાંગી પડે બ્રહ્માંડ રે..
વિપત્તિ પડે તોય વણસે નહીં,
સોઈ હરિજન નાં પ્રમાણ રે..
૩) અભ્યાસ જાગ્યા પછી ભમવું નહીં,
ને ન રહેવું ભેદવાદી નાં સાથ રે..
કાયમ રહેવું એકાંતમાં..
ને માથે સદગુરુનો હાથ રે..
૪)આદિ અનાદિ છે વચન પરિપૂર્ણ..
વચનથી અધિક નહીં કાંઈ રે..
વચન જાણ્યાં થકી શુદ્ધ પ્રેમ જાગે રે.
ને સુરતા નિર્ગુણમાં સમાય રે..
૫)એકાગ્રચિત કરી સાંભળો રે પાનબાઈ,
મોટો કહું છું ઈતિહાસ રે..
એ ઈતિહાસ સાંભળશો ત્યારે,
પ્રગટશે પૂર્ણ વિશ્વાસ રે..
૬)હરખ ને શોકની આવે નહીં હેડકી ને
આઠે પહોર રહે આનંદજી
નિત્ય રહે સત્સંગમાં ને
તોડે માયા કેરા ફંદજી - મેરુ.
૭)સદગુરુ વચનનાં થાવ અધિકારી પાનબાઈ.
મેંલી દીયો મનના અભિમાન રે..
આળસ મેલીને તમે આવો મેદાનમાં ને,
સમજો સદગુરુ ની શાન રે..
૮)શીલવંત સાધુ ને વારેવારે નમીએ પાનબાઈ,
જેના બદલે નહીં વર્તમાન રે..
ચિત્તની રે વૃત્તિ જેની સદા નિરમળી ને,
જેને મહારાજ થિયા મે'રબાન રે..
૯)કુપાત્ર ની આગળ વસ્તુ ન વાવીએ,
સમજીને રહીએ ચૂપ રે..
શરણે આવીને કરે ધનનો ઢગલો,
ભલે હોય મોટો ભૂપ રે.

આવાં એક એકથી ચડિયાતા ભજનો આપનાર ગંગા સતી, ઓગણીસમી સદી એટલે કે ઈ.સ ૧૮૪૬ માં જન્મ થયો, અને માત્ર ૪૯ વર્ષની ઉંમરે એટલે કે ૧૮૯૪ માં સમાધિ લીધી. પહેલાંની સ્ત્રીઓ પતિ પાછળ ચિતા પર ચડીને પોતાની જાતને બાળીને ભસ્મ કરી નાખતી, અને એ રીતે ગંગા એ પણ એમનાં પતિ કહળસંગ બાપુ પાછળ સમાધિ લીધી, એટલે આપણે એને ગંગા સતી કહીએ છીએ, એમની સમાધિ પછી બે દિવસે પાનબાઈ એ પણ સમાધિ લીધી, અને આજે પણ સમઢિયાળામાં એમની સમાધિ જોવા મળે છે. ગંગા સતી આપણને પોતીકી લાગે છે, કારણ કે સાવ એકસોને ત્રીસ પાંત્રીસ વર્ષ પહેલાંની આ વાત છે. એમણે ચોપડીનો કોઈ અભ્યાસ કરેલ ન હોવાં છતાં, એક એક શબ્દ આધ્યાત્મિકતાથી સભર છે! પતિ પત્ની બંને ભક્તિ અને વૈરાગ્યનાં પથિક હોવાથી ગામ બહાર એક ઝૂંપડી બનાવીને રહેતા હતા! ભૂધરદાસજી નામનાં એક સાધુએ ગંગા સતીનાં આ ભજનોને લિપિ બદ્ધ કર્યા! એટલે આપણને પણ આ આધ્યાત્મિક પદો મળ્યા ,અને ઈતિહાસ સુધી પહોંચ્યાં. સદગુરુ કૃપા રહેશે તો એમનાં પદ પર ચિંતન કરીશું,પણ અત્યારે ફક્ત એક લાઈન ''એકવીસ હજાર છસો ને કાળ ખાય''! માનવી દર એક મિનિટમાં પંદર શ્વાસ લે છે, અને એ રીતે આખાં દિવસનાં, એકવીસ હજાર છસો શ્વાસ થયાં, અને કાળ એટલે મૃત્યુ એને ખાઈ જાય છે. નરસિંહ મહેતાનાં પદ માં પણ વેદ વેદાંતી વાતો વણેલી હોય છે,! આનાં પરથી સ્પષ્ટ નક્કી થાય છે કે, આવાં ગૂઢ તત્વોથી ભરેલા જ્ઞાન માટે યુનિવર્સિટીમાં જવું જરૂરી નથી. તો ગંગા સતીના ચરણોમાં શત શત વંદન કરીએ, અને એમનાં ભજનો થકી આધ્યાત્મિક સફર ખેડી શકીએ, એમણે પીરસેલું અમૃત પચાવીને આપણે પણ આત્મબોધ પ્રાપ્ત કરી શકીએ, તો એમનો આ જન્મ શુભ મંગલની સર્વોપરિતા માટે સફળ થયો ગણાય. જય ભવાની.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### ભેજાબાજો કેવા કેવા ગતકડા અજમાવે તેની પ્રતીતિ કરાવતી ઘટના

# નકલી સર્ટીને આધારે અડધા કરોડનો વીમો પકાવ્યો

## એનઆરઆઇ મહિલાએ ઘડેલા કાવત્રાનો થયો પર્દાફાશ: બીજી ઘટનામાં ઓનલાઈન રોકાણના નામે એક કરોડના ફ્રોડમાં વધુ એક ગઠીયો આવ્યો પોલીસના હાથમાં

રાજકોટ,તા.૨૮

ઓનલાઇન ફ્રોડની ઘટનાઓમાં રોજબરોજ કોઇને કોઇ લોકો ગઠીયાઓનો શિકાર બનતા રહે છે. તો ઓફલાઇન ઠગાઇ કરનારા પણ ઓછા નથી હોતાં. એક નવતર ઠગાઇ સામે આવી છે જેમાં એક એનઆરઆઇ મહિલાએ ઓર્થોપેડીક સર્જનનું ખોટુ સર્ટિફિકેટ ઉભુ કરી વીમા કંપની પાસેથી અડધો કરોડ પડાવી લીધા છે! બીજી તરફ ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટના નામે એક કરોડની ઠગાઇમાં પોલીસે વધુ એક આરોપીને પકડી લીધો છે, આ સાથે આ કારસ્તાનમાં કુલ પાંચ પકડાઇ ગયા છે.




ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો વડોદરાના ડોક્ટરના ખોટા સર્ટિફિકેટના આધારે એનઆરઆઇ મહિલાએ અમેરિકાની વીમા કંપની સાથે પચાસ લાખની ઠગાઈ કરી હોવાની કોર્ટમાં ફરિયાદ થઈ હતી. કોર્ટે સયાજીગંજ પોલીસને તપાસનો હુકમ કરતાં પોલીસે તબીબની પૂછતાછ કરી હતી. તબીબે દસ્તાવેજ બોગસ હોવાની કેફિયત કરતાં પોલીસે એનઆરઆઇ મહિલાને ઇ-મેલ કરી માહિતી આપવા જણાવ્યું હતું. અત્રેની અદાલતમાં ક્રિમિનલ ઇન્કવારી મામલે જાગૃત નાગરિક અભિષેક મિશ્રા દ્વારા ફરિયાદ કરાઇ હતી. જેમાં અમેરિકાની મેટ લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીમાં ખોટા કાગળો બનાવી રૂ.પચાસ લાખની છેતરપિંડી કરી હોવાનું જણાવ્યું હતું. સયાજીગંજ પોલીસને રજૂઆત કરાઈ હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં કોર્ટમાં દાદ માગી હતી.

જેમાં અંકિતા ઘનશ્યામસિંહ ચૌહાણ જે મુળ સુરતની છે અને રચિતા ઘનશ્યામસિંહ ચૌહાણ અને ઘનશ્યામસિંહ કે.ચૌહાણ પણ સુરતની છે તેને આરોપી તરીકે દર્શાવી જણાવ્યું હતું કે, રચિતા તેના પતિ સાથે ટેક્સાસ સ્થાયી થઈ હતી અને ત્યાંની ઓઈલ એન્ડ ગેસ કંપનીમાં નોકરી કરતી હતી. કંપનીએ મેટ લાઇફનો સ્વાસ્થ્ય વીમો આપ્યો હતો. તે અમેરિકાથી વડોદરા પિતાને ત્યાં આવી ત્યારે ફતેગંજના ઓર્થોપેડિક સર્જન ડો.હિમાંશુ પટેલ પાસે પિતા અને બહેન સાથે ગઇ હતી. રચિતા બીમાર હોવાના અને તેને આરામની જરૂર હોવા અંગેના ડોક્ટરના ખોટા સર્ટિ બનાવી મેટ લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીને મોકલ્યાં હતાં.

અમેરિકા પરત ફર્યા પછી પણ પિતા અને બહેન ડો.હિમાંશુના નામે વીમા કંપનીને ઇ-મેલ મોકલતા હતા અને મોટું વળતર લેતાં હતાં. કૌભાંડની જાણ જાગૃત નાગરિકને થતાં સયાજીગંજ પોલીસ મથકે અરજી કરી તપાસ બાદ ફરિયાદ દાખલ કરવા માગ કરી હતી. કોર્ટમાં સુનાવણી બાદ ૨૧મા એડિશનલ સિનિયર સિવિલ જજ જે.વી. શાહે સયાજીગંજ પોલીસને મામલાની તપાસ કરવાનો આદેશ કર્યો હતો. જેના આધારે પોલીસે ડો.હિમાંશુ પટેલનું નિવેદન લીધુ છે. જ્યારે અમેરિકા રહેતી આરોપી રચિતાને ઇ-મેલ કરી જાણકારી પૂરી પાડવા જણાવ્યું છે. બીજી તરફ અન્ય આરોપીનાં નિવેદન લેવાની કાર્યવાહી શરૂ કરી છે.આ કેસમાં કોર્ટના તપાસના હુકમ બાદ નિવેદન લેવાનું શરૂ કર્યું છે. જેમાં ડો.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે મારા ઇ-મેલને હેક કરીને ખોટાં સર્ટિફિકેટ બનાવી ઇ-મેલ કરવામાં આવ્યાં છે. અમેરિકાની વીમા કંપનીને મેં કોઈ ઇ-મેલ મોકલ્યા નથી. અન્ય આરોપીઓનાં નિવેદનની કાર્યવાહી ચાલી રહી છે. તેમ સયાજીગંજ પીએઇઆલ ડી.વી. પાટીલએ જણાવ્યું હતું. જ્યારે ઓર્થોપેડીક સર્જન હિમાંશુ પટેલે કહ્યું હતું કે ઘનશ્યામસિંહ મારા પરિચિત હતા. તેમની પુત્રી રચિતા અમેરિકાથી આવી હતી. તે ગર્ભવતી હોવાથી અશક્તિ હોવાનું જણાવ્યું હતું, જે અંગે મેં સર્ટિફિકેટ આપ્યું હતું. મેં કોઈ ઇ-મેલ અમેરિકાની વીમા કંપનીને કર્યો જ નથી. એ લોકોએ ખોટાં સર્ટિફિકેટ બનાવ્યાં હોઈ શકે છે. પોલીસ હવે સમગ્ર તપાસ કરી રહી છે.

બીજી તરફ ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસે ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટના નામે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતી આંતરજિલ્લા ગેંગ સામે કાર્યવાહી તેજ કરી છે. ૧.૦૯ કરોડથી વધુની છેતરપિંડીના ગુનામાં પોલીસે સુરતમાંથી વધુ એક આરોપીની ધરપકડ કરી છે. આ સાથે આ કેસમાં કુલ ધરપકડનો આંક પાંચ પર પહોંચ્યો છે.

કેસની વિગત મુજબ, ફરિયાદીનો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ આઈડી દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. આરોપીઓએ ફરિયાદીને વિશ્વાસમાં લઇ પ્લેટફોર્મ પર ઓનલાઇન સ્ટોર શરૂ કરાવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના વેચાણમાં મોટો નફો મળશે તેવી લાલચ આપી હતી. ફરિયાદીએ વિશ્વાસમાં આવી અલગ-અલગ દસ બેંક એકાઉન્ટ્સમાં ટુકડે-ટુકડે કુલ ૧,૧૦,૨૫,૫૦૦ જમા કરાવ્યા હતા. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ ૩૯,૯૩૦ પરત કર્યા હતા, પરંતુ બાદમાં ૧,૦૯,૮૫,૫૭૦ ની રકમ ઓળવી જઈ છેતરપિંડી આચરી હતી. સાયબર ક્રાઇમ પોલીસે ટેકનિકલ એનાલિસિસ અને બેંક એકાઉન્ટ ટ્રેઈલના આધારે અગાઉ દિવ્યેશ ઉર્ફે દિવો ભુવા, કિશન ધડુક, પ્રશાંત વઘાસિયા અને રૂષપ સતાસીયાની ધરપકડ કરી હતી.

પૂછપરછ દરમિયાન મળેલી માહિતીના આધારે પોલીસે સુરતના ખોડિયાર નગર વિસ્તારમાંથી ઉત્સવ ચંદુભાઈ ભેસાણીયાને ઝડપી પાડ્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે ઉત્સવ ભેસાણીયા ગેંગ માટે બેંક એકાઉન્ટ્સની વ્યવસ્થા કરવાનું કામ કરતો હતો. તેણે રૂષપ સતાસીયા પાસેથી ઇન્ડસઇન્ડ બેંક, વાપી બ્રાંચનું કરંટ એકાઉન્ટ મેળવ્યું હતું. આ એકાઉન્ટમાં ૨.૪૦ કરોડથી વધુના નાણાકીય વ્યવહારો થયા હોવાનું બહાર આવ્યું છે, જેમાંથી અંદાજે ૧૯ લાખ આ કેસના ફરિયાદી પાસેથી જમા કરાવવામાં આવ્યા હતા. પોલીસે આરોપી પાસેથી એક મોબાઇલ ફોન જપ્ત કર્યો છે અને ડિજિટલ ફોરેન્સિક તપાસ હાથ ધરી હતી.

### રોકડા રૂ. ૪.૭૦ લાખ પંદર અરજાદારોને અને ૨.૭૯ લાખના સત્તર મોબાઈલ શોધી કાઢ્યા

# માલવીયાનગર પોલીસે ફ્રોડમાં ગુમાવાયેલા નાણા, ખોવાયેલા મોબાઈલ અપાવ્યા પરત





રાજકોટઃ પોલીસ પ્રજાનો મિત્ર આ સુત્રને વધુ એક વખત માલવીયાનગર પોલીસે સાર્થક કરી લોકોએ ઠગાઇમાં ગુમાવેલા નાણા અને ખોવાઇ ગયેલા મોબાઇલ ફોન પરત અપાવ્યા છે.

સાયબર ફ્રોડના ભોગ બનનાર નાગરિકોના નાણાં પરત અપાવવા અને ગુમ થયેલા મોબાઈલ શોધી કાઢવા માટે સ્પેશિયલ ડ્રાઈવ ચલાવવાની સુચનાને પગલે માલવીયાનગર પોલીસ સ્ટેશનની ટીમે ઓનલાઇન છેતરપીંડીની અરજીઓ પર ત્વરીત કામગીરી કરી ટેકનીકલ મદદથી ફ્રોડમાં ગયેલી રકમ ફ્રીઝ-સીઝ કરાવી ૧૫ આવા અરજદારોને રૂા. ૪,૭૦,૫૩૫ પરત અપાવ્યા છે. આ ઉપરાંત ગુમ થયેલા મોબાઈલ ફોન શોધવામાં પણ સફળતા મેળવી છે. ભીડભાડ વાળા વિસ્તારો કે જાહેર સ્થળોએથી ગુમ થયેલા ફોન બાબતે મળેલી અરજીઓ પર સીઇઆઇઆર પોર્ટલની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

ટેકનિકલ એનાલિસિસના અંતે પોલીસે અલગ-અલગ કંપનીના કુલ ૧૭ મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા, જેની અંદાજિત બજાર કિંમત રૂા. ૨,૭૯,૯૦૦ થાય છે. ગતરોજ યોજાયેલા કાર્યક્રમમાં આ તમામ કિંમતી મોબાઈલ મુળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઇ, એસીબી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત પીઆઇ જે. આર. દેસાઇ, પીએસઆઇ એમ. જે. ધાંધલ, લોકરક્ષક જયભાઈ રસિકભાઈ, રણજીતસિંહ રમેશભાઈ અને દિવ્યાબેન દિનેશભાઈએ આ કામગીરી કરી હતી. ફ્રોડથી ગયેલા રૂપિયા અને ગૂમ થયેલા મોબાઈલ પરત મળતા અરજદારોએ પોલીસનો આભાર વ્યકત કર્યો હતો.

# લ્યો કંઇ નહિ તો રેલ્વે ફાટકની બેટરીઓ ચોરીઃ બે ઉઠાવગીર ઝડપાયા

### એલસીબી ઝોન-૧ ટીમે ૬૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



રાજકોટઃ ચોરટાઓ જે મળે એ ચોરી લેતાં હોય છે. દરમિયાન મોરબી રોડના હડમતીયા ગામથી ગવરીદળ ગામ તરફ જતાં બીલેશ્વર મંદિર વાડી વિસ્તારના રસ્તે વીડી પાસેથી રેલ્વે ફાટકના સિગ્નલોની બેટરીઓ ચોરાઇ ગઇ હતી. આ મામલે રેલ્વે પોલીસમાં ગુનો દાખલ થયો હતો. આ ગુનાનો ભેદ એલસીબી ઝોન-૧ ટીમે ઉકેલી બે શખ્સોને પકડી લીધા છે.

વિગતો જોઇએ તો રેલ્વે ફાટકોમાંથી રૂા. ૧૩૫૦૦ની ત્રણ બેટરીઓ ચોરાઇ ગઇ હતી. આ ગુનાનો ભેદ એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી અને હેડકોન્સ. જગદીશસિંહ પરમાર, કોન્સ. રવીરાજભાઇ પટગીરની બાતમી પરથી ઉકેલી શની પરષોત્તમભાઇ ગોધાણી (મોરબી રોડ જકાતનાકા પાસે ભરતભાઇની વાડીમાં, મુળ ઘીયાવડ વાંકાનેર) તથા મહેશ વલ્લભભાઇ સોલંકી (મોરબી રોડ સિલ્વર પાર્ક-૩, વલ્લભ દેવીપૂજકના મકાનમાં ભાડેથી)ને પકડી લઇ બેટરીઓ, જીજે૦૩પીએન-૯૨૩૧ નંબરનું ૫૦ હજારનું બાઇક, વીવો મોબાઇલ રૂા. ૫ હજારનો મળી ૬૮૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ બંને રેલ્વેના સિગ્નલોની બેટરીઓ ચોરી વેંચવા માટે નીકળ્યા હતાં. જો કે વેંચે એ પહેલા પકડી લેવાયા હતાં. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંતર્ગત પીએસઆઇ એમ. કે. મોવલીયા, એએસઆઇ હરેશભાઇ પરમાર, મનરૂપગીરી ગોસ્વામી, હેડકોન્સ. હિતેન્દ્રસિંહ ઝાલા, જગદીશસિંહ પરમાર, હિતેષભાઇ પરમાર, કોન્સ. રવિરાજભાઇ પટગીરે કરી હતી. ઝડપાયેલા બંને બીજા કોઇ ગુનામાં સામેલ છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

### સુપ્રીમના ન્યાયમૂર્તિ સૂર્યકાંત-મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ

# હાઈકોર્ટમાં અત્યાધુનિક આર્બિટ્રેશન સેન્ટરનો શિલાન્યાસ







અમદાવાદ, તા.૨૮

ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયિક પ્રક્રિયાને વધુ આધુનિક અને વેગવંતી બનાવવાના ઉમદા હેતુથી આજે (૨૮મી ફેબ્રુઆરી)એ મહત્ત્વપૂર્ણ સોપાન સર કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ જસ્ટિસ સૂર્યકાંત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત હાઈકોર્ટ આર્બિટ્રેશન સેન્ટરના નવા અત્યાધુનિક ભવનનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

આ તકે આર્બિટ્રેશન સેન્ટરના નવા લોગોનું અનાવરણ કરવાની સાથે જ કેન્દ્રની રિ-ડિઝાઇન કરાયેલી વેબસાઇટ અને ન્યૂઝલેટરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ સુવિધાઓ પક્ષકારોને ટેકનોલોજીના માધ્યમથી ન્યાયિક માર્ગદર્શન મેળવવામાં સરળતા પૂરી પાડશે. શિલાન્યાસ વિધિની સાથે જ ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે નઈન્સ્ટિટ્યુશનલ આર્બિટ્રેશન એટ અ ક્રોસરોડ્સઃ ચેલેન્જીસ એન્ડ ધ વે ફોરવર્ડથ વિષય પર બે દિવસીય મહત્ત્વપૂર્ણ કોન્ફરન્સનો પ્રારંભ થયો છે. કાર્યક્રમ ગુજરાત હાઇકોર્ટ આર્બિટ્રેશન સેન્ટર અને ગુજરાત રાજ્ય કાયદાકીય સેવા સત્તા મંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. મુખ્ય અતિથિ સ્થાનેથી જસ્ટિસ સૂર્યકાંતે ભાર મૂકતા જણાવ્યું હતું કે, પઆપણે માત્ર કાગળ પરના નિયમોથી નહીં, પરંતુ પારદર્શક પ્રક્રિયા દ્વારા પક્ષકારોનો વિશ્વાસ જીતવો પડશે. ભારતે આર્બિટ્રેટર્સની ગુણવત્તા અને તાલીમમાં રોકાણ કરવું અનિવાર્ય છે જેથી આપણે વિશ્વ સ્તરના આર્બિટ્રેશન હબ બની શકીએ. નવી ડિજિટલ સુવિધાઓ ભારતની વિવાદ નિવારણ વ્યવસ્થાને વધુ સક્ષમ અને ભરોસાપાત્ર બનાવશે. કાર્યક્રમના યજમાન અને ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલે સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે નિર્માણ પામનારા ભવનની વિશેષતાઓ જણાવતા કહ્યું કે, સેન્ટર સ્ટેટ-ઓફ-ધ-આર્ટ સુવિધાઓથી સજ્જ હશે, જેમાં આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબના કોન્ફરન્સ રૂમ, મીડિયેશન સેન્ટર અને આધુનિક ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવાશે.થ આ નવા ભવનના નિર્માણથી ગુજરાતમાં કાયદાકીય વિવાદોના ઝડપી અને અસરકારક નિકાલ માટે એક નવું પ્લેટફોર્મ તૈયાર થશે, જે કોર્ટ પરના કેસોનું ભારણ ઘટાડવામાં મદદરૂપ થશે તેવું મનાય છે. આ નવું ભવન આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરના કાયદાકીય વિવાદોના નિવારણ માટે તૈયાર કરવામાં આવશે. જેમાં કોન્ફરન્સ રૂમઃ ૧૬ આર્બિટ્રેશન કોન્ફરન્સ રૂમ, જેમાં દરેક સાથે ૨ બ્રેક-આઉટ રૂમની વિશેષ વ્યવસ્થા. મીડિયેશન રૂમ, વિવાદોના સમાધાન માટે ૭ અલગ મીડિયેશન રૂમ. ઓડીઆર સિસ્ટમમાં અત્યાધુનિક પઓનલાઇન ડિસ્પ્યુટ રિઝોલ્યુશનપ સિસ્ટમ, જેથી દૂર બેઠા પણ પક્ષકારો ન્યાયિક પ્રક્રિયામાં જોડાઈ શકે.

### ઘરે બેસાડેલી ભાગવત કથાનમાં તુલસી વિવાહ પ્રસંગની ઉજવણી હતી

# શ્રીકૃષ્ણના પાત્ર માટે તૈયાર થતી યુવતિનું મૃત્યુ



યુવાન દિકરીના મૃત્યુથી માયાણીનગરના રાઠોડ પરિવારમાં શોકની કાલીમા

રાજકોટ,તા.૨૮

વધુ એક પરિવારમાં એક કરૂણ ઘટના બની છે. જેમાં એક આશાસ્પદ યુવાન દિકરીનો ઓચીંતો જીવ ગયો છે. એક તરફ ઘરે ભાગવત કથા હતી અને તેમાં તુલસી વિવાહ પ્રસંગમાં શ્રીકૃષ્ણનું પાત્ર ભજવવાનું હોઇ તેના માટે પરિવારની વીસ વર્ષની દિકરી બ્યુટી પાર્લરમાં તૈયાર થઇ રહી હતી ત્યારે એકાએક બેભાન થઇ જતાં મૃત્યુ થયું હતું.

આ કરૂણ ઘટના માયાણીનગર વિસ્તારમાં બની છે. અહિ શેરી નં. ૫માં રહેતી વીસ વર્ષની પ્રિયંકાબેન ઘનશ્યામસિંહ રાઠોડ ઘર પાસે બ્યુટી પાર્લરમાં તૈયાર થવા ગઇ ત્યારે એકાએક ઉલ્ટી થયા બાદ બેભાન થઇ જતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. વધુ માહિતી મુજબ મૃત્યુ પામનાર પ્રિયંકાબેને ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેના પિતા સ્કૂલવેન ડ્રાઇવીંગ કરે છે.

તેણી બે બહેન અને એક ભાઇમાં મોટી હતી. ઘરે ભાગવત કથા ચાલતી હોઇ તેમાં ગઇકાલે તુલસી વિવાહ પ્રસંગમાં પ્રિયંકાબેનને ભગવાન કૃષ્ણનું પાત્ર ભજવવાનું હોઇ તેના માટે તે બ્યુટી પાર્લરમાં તૈયાર થવા ગઇ હતી. બે દિવસથી તેણીને તાવ પણ આવતો હતો. મૃત્યુ બિમારીથી થયું કે હાર્ટએટેકથી તે જાણવા પોલીસ વધુ તપાસ કરી રહી છે. યુવાન દિકરીના અણધાર્યા મૃત્યુથી રાઠોડ પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

# વિડીયો ઉતારવા મામલે પાડોશીઓનો હુમલો

**કેવલમ પાસે અવસમાં બનાવઃ મહિલાને જાનથી મારી નાખવાની ધમકી**

રાજકોટઃ ઝઘડાનો વિડીયો ઉતારવા જેવી નજીવી બાબતે પાડોશીઓએ મહિલા પર હુમલો કરી તેને ગંભીર ધમકી આપી હોવાની ઘટના સામે આવી છે. વિગતો જોઈએ તો યુનિવર્સિટી રોડ પર આવેલી કેવલમ પાસે આવાસ યોજનામાં રહેતા ફરીદાબેન ઝાકીરભાઈ શેખે નોંધાવેલી ફરિયાદ મુજબ સત્યાવીસના સવારે તેમના પાડોશમાં રહેતા રેખાબેન વૈદ્ય અને નરેન્દ્રભાઈ પાલા અન્ય એક વ્યક્તિ સાથે ઝઘડો કરી રહ્યા હતા. આ ઝઘડાનો વિડીયો ફરીદાબેનના પુત્ર ફરીદે ઉતાર્યો હતો, જે બાબતે પાડોશીઓ રોષે ભરાયા હતા.

સવારના વિવાદનો ખાર રાખીને તે જ દિવસે રાત્રે આશરે નવેક વાગ્યાની આસપાસ રેખાબેન અને નરેન્દ્રભાઈ ફરીદાબેનના ઘરે પહોંચ્યા હતા. ''તમારા દીકરાએ અમારો વિડીયો કેમ ઉતાર્યો?'' તેમ કહીને અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. જ્યારે ફરીદાબેને તેમને ગાળો બોલવાની ના પાડી, ત્યારે બંને આરોપીઓએ ઉશ્કેરાઈને મહિલાને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ હુમલા દરમિયાન ફરીદાબેનની પુત્રી નીલોફરે વચ્ચે પડીને તેમને વધુ માર ખાતા બચાવ્યા હતા.

ઝઘડા બાદ આરોપીઓએ જતી વખતે ધમકી આપી હતી કે, ''જો હવે અમારા ઝઘડામાં વચ્ચે પડશો તો તને અને તારા દીકરા ફરીદને જાનથી મારી નાખીશું.'' આ હુમલામાં ઈજા પામેલા ફરીદાબેનને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસ કાર્યવાહી અને તપાસ

ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે રાજકોટ પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. પોલીસે આ મામલે ગુનાની નોંધણી કરી આગળની તપાસ એ.એસ.આઈ. જે. એલ. બાળા ચલાવી રહ્યા છે.

### જ્યાં સવારથી રાત સુધી લોકો આવે છે એવા સ્થળે ઘટનાથી ચકચાર

# વોકીંગ કરતી મહિલાની છેડતી કરનાર ભજીયાવાળો ઝબ્બે

## રૈયાધારમાં રહેતાં ભજીયાના કારીગરે મહિલાને બોચી પકડી મોઢુ દાબી પછાડી દઇ પ્રાઇવેટ પાર્ટ પર અડપલા કર્યાઃ દેકારો થતાં ભાગ્યોઃ બીજા દિવસે મહિલા પતિ સાથે ફરી વોકીંગમાં આવતાં આ શખ્સ હાજર હોઇ પોલીસને બોલાવી

રાજકોટ,તા.૨૮

ઠેકઠેકાણે વિકૃત હવસખોરો તત્વો સમયાંતરે પોતાની કરતૂતોને કારણે ખળખળાટ મચાવતા રહે છે. વધુ એક આવી ઘટના શહેરના રેસકોર્ષના લવ ગાર્ડનમાં બની છે. દરરોજ જ્યાં સવારથી રાત સુધી લોકોની અવર-જવર રહે છે તેવા આ સ્થળ પર પતિ સાથે વોકીંગ કરવા ગયેલી એમ પરિણીતા સાથે ગંભીર ઘટના બની હતી. પતિ વોકીંગ કરતાં આગળ નીકળી જતાં પત્નિ પાછળ રહી ગયા હોઇ આ વખતે જ એક લેભાગુ હવસખોર વિકૃત ઢગો તેણી ઉપર ત્રાટકી ગયો હતો અને બોચી પકડી મોઢુ દબાવી તેણીના પ્રાઇવેટ પાર્ટને અડપલા કરી લઇ તેણીને પછાડી પણ દીધી હતી. દેકારો મચી જતાં હવસખોર ભાગી ગયો હતો. જો કે બીજા દિવસે કોઇપણ ભય વગર ફરી અહિ બગીચે આવ્યો હતો. આ વખતે ફરી દંપતિ વોકીંગમાં આવતાં તેને ઓળખી લેતાં પોલીસને બોલાવી હતી. પોલીસે આ હવસખોરની હવસખોરી ઉતારી નાંખી હતી. ઝડપાયેલો આ શખ્સ ભજીયા બનાવવાનો કારીગર છે!





બે સંતાનના પિતાને પ્રદ્યુમનનગર પોલીસે પકડી હવસખોરી ભુલાવી દીધી

વિગતો પર નજર કરીએ તો રેસકોર્ષમાં લવ ગાર્ડન તરીકે ઓળખાતા બગીચામાં એક તેત્રીસ વર્ષિય મહિલા પતિ સાથે સાંજના વોકીંગ કરી રહી હતી ત્યારે તેણીના પતિ આગળ નીકળી ગયા હોઇ આ મહિલા એકલી ચાલી રહી હતી તે વખતે અચાનક પાછળથી આવેલા શખ્સે તેણીની ગળચી પકડી લઇ મોઢુ દબાવી દઇ તેમજ પ્રાઇવેટ પાર્ટ પર અડપલા કરી લઇ તેણીને પછાડી દઇ છેડતી કરતાં દેકારો મચી ગયો હતો. ગૃહિણીનો પતિ સહિતના લોકો દોડી આવતાં આ શખ્સ ભાગી ગયો હતો. બીજા દિવસે આ દંપતિ તેને શોધવા ફરીથી વોકીંગમાં આવતાં આ શખ્સ ફરીવાર ત્યાં દેખાતાં પોલીસને જાણ કરી હતી. પોલીસે ભજીયાના કારીગર એવા રૈયાધારના શખ્સ સામે કાર્યવાહી કરી હતી.

વિશેષ વિગતો અનુસાર આ બનાવમાં પ્રદ્યુમનનગર પોલીસે જામનગર રોડની સોસાયટીમાં રહેતાં ૩૩ વર્ષિય ગૃહિણીની ફરિયાદ પરથી રૈયાધારના વિજય નાનજીભાઇ કુંવરીયા વિરૂધ્ધ ગુનો નોંધી દબોચી લીધો છે. તે બે સંતાનનો પિતા છે અને ભજીયાનો કારીગર છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને પતિ વેપાર કરે છે. ચોવીસમીએ રાતે સવા દસેક વાગ્યે હું અને મારા પતિ બંને રેસકોર્ષના લવ ગાર્ડનમાં વોકીંગ કરવા ગયા હતાં. આ વખતે મારા પતિ આગળ આગળ ચાલતાં હતાં અને હું પાછળ રહી ગઇ હતી. ત્યારે લવ ગાર્ડનમાં ફનવર્લ્ડ તરફના ગેઇટના ખુણા પાસે હું પહોંચી ત્યારે અચાનક અજાણ્યો શખ્સ ચાલીને આવ્યો હતો અને મારી ગળચી પકડી લીધી હતી. તેમજ પોતાના હાથથી મારુ મોઢુ દબાવી દીધુ હતું. તેમજ મેં પહેરેલા કપડામાં ઉપરથી પ્રાઇવેટ પાર્ટ પર હાથ ફેરવવા માંડ્યો હતો. આ ઉપરાંત મને જમીન પર પછાડી દીધી હતી અને ઢસડી હતી. આથી મેં બૂમાબૂમ કરતાં આ શખ્સ લવ ગાર્ડનની ગ્રીલ ઠેંકીને ભાગી ગયો હતો. મને મુંઢ ઇજા થઇ હોઇ બૂમાબૂમ સાંભળીને મારા પતિ આવી ગયા હતાં. મેં કોઇ સારવાર લીધી નહોતી. બીજા દિવસે હું અને મારા પતિ આ શખ્સને શોધવા માટે ફરીથી રેસકોર્ષ પહોંચ્યા હતાં. આ વખતે પણ મારી છેડતી કરનારો શખ્સ ત્યાં જ હાજર હોઇ અમે પોલીસને બોલાવી લીધી હતી. તુરત પોલીસે પકડીને આ શખ્સની પુછતાછ કરતાં પોતાનું નામ વિજય નાનજીભાઇ કુંવરીયા હોવાનું અને પોતે રૈયાધારમાં રહેતો હોવાનું કહ્યું હતું.

જે તે વખતે બદનામી ન થાય એ માટે અમે તુરત ફરિયાદ કરી નહોતી. પણ છેડતી કરનાર પકડાઇ જતાં ફરિયાદ કરી હતી. તેમ વધુમાં મહિલાએ જણાવતાં ઇન્સપેકટર વી. આર. વસાવાના માર્ગદર્શનમાં એએસઆઇ એસ. વી. જોરાએ ગુનો નોંધ્યો હતો. પીએસઆઇ ડી. એસ. ગજેરા અને એએસઆઇ આનંદભાઇ પરમારે આરોપીની ધરપકડ કરી વધુ પુછતાછ કરતાં ઝડપાયેલા શખ્સ વિજયએ પોતે અલગ અલગ સ્થળે ભજીયાના કારીગર તરીકે કામ કરતો હોવાનું અને સંતાનમાં એક દિકરી હોવાનું કહ્યું હતું. એકલી મહિલાને જતાં તેણે છેડતી કરી લીધી હતી. વિકૃત હરકત કરનારા ભજીયાના કારીગરના પોલીસે સીન વીંખી નાંખી કાયદાનું ભાન કરાવ્યું હતું.

---

### શેર બજારમાં રોકાણ પર ત્રણ ટકા નફાની ખાત્રી, શરૂઆતમાં નફો દીધો પણ ખરો, છેલ્લે દીધો ધૂંબો

# જાહેરાત વાંચી સંપર્ક કર્યો અને ગુમાવ્યા છ લાખ

## રામાપીર ચોકડીએ રહેતાં વૃધ્ધે રોકાણના નામે છ લાખ ગુમાવ્યાઃ માલવીયાનગર પોલીસે ગઠીયાગીરી કરનારા અમિતને શોધી કાઢવા તપાસ કરી શરૂ

રાજકોટ,તા.૨૮

અલગ અલગ રીતે ગઠીયાઓ કળા કરી લોકોને છેતરી લેતાં હોય છે. તેમાં પણ શેર બજારમાં કમાણી કરાવી આપવાની લાલચ દઇ છેતરી લેવાના કિસ્સા વધુ બનતા હોય છે. આવો વધુ એક બનાવ રાજકોટમાં બન્યો છે. જેમાં શેરબજારમાં સારા વળતરની લાલચ આપી શહેરના એક વૃધ્ધને રોકાણ કરવાનું કહી તેમની સાથે છ લાખની ઠગાઇ કરવામાં આવી છે. એક અખબારમાં જાહેરાત વાંચી વૃધ્ધે તેમાં આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો, પણ તેમને ખબર નહોતી કે તેઓ અજાણતા એક ફ્રોડના ચક્કરમાં પગ મુકી રહ્યા છે.

વિગતો જોઇએ તો રોકાણ પર શરૂઆતમાં ત્રણ ટકા નફો નિયમીત અપાયો હતો. પણ બાદમાં છેતરી લેવાયા હતાં. આ બનાવમાં માલવીયાનગર પોલીસે રામાપીર ચોકડી પદ્માવતિ એપાર્ટમેન્ટ એ-૧૦૪માં રહેતાં અડસઠ વર્ષના અમિતભાઇ ગોરધનદાસ દવેની ફરિયાદ પરથી અભય મહેન્દ્રભાઇ કામદાર વિરૂધ્ધ ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. અમિતભાઇ દવેએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમણે ૨૦૨૨માં તેમણે છાપામાં અરિહંત ઈન્વેસ્ટમેન્ટ નામની કંપનીની એક જાહેરાત વાંચી હતી. આ જાહેરાતમાં રોકાણ સામે આકર્ષક વળતરની ખાતરી આપવામાં આવી હતી. બાદ જાહેરાતમાં આપેલા નંબર પર સંપર્ક




કરતા તેમની મુલાકાત અભય મહેન્દ્રભાઈ કામદાર સાથે થઈ હતી. અભયએ પોતાની ઓફિસ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઈમ્પીરીયલ હાઈટ્સમાં હોવાનું જણાવી વૃદ્ધને ત્યાં બોલાવ્યા હતા.

મુલાકાત દરમિયાન અભયએ વિશ્વાસ આપ્યો હતો કે જો તેઓ નાણાં રોકશે, તો તે પૈસા શેરબજારમાં લગાવીને માસિક ૩ ટકા લેખે ફિક્સ વળતર આપશે. બાદમાં અભયએ વૃધ્ધ અમિતભાઇનો વિશ્વાસ જીતવા માટે સુરક્ષા પેટે પોતાના બેંકના ચેક પણ આપ્યા હતા. શરૂઆતમાં અમિતભાઈએ ૧,૦૦,૦૦૦નું રોકાણ કર્યું, જેના બદલામાં તેમને ૩,૦૦૦નું માસિક વળતર મળ્યું હતું. આ નિયમિત વળતર મળતા વિશ્વાસ બેઠો હતો, જેના કારણે તેમણે પોતાની જીવનભરની બચત કટકે-કટકે આ યોજનામાં રોકવાનું નક્કી કર્યુ હતું.

ત્યારબાદે ફેબ્રુઆરી ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૨ દરમિયાન કુલ રૂપિયા ૭,૦૦,૦૦૦ જેટલી રકમ ચેક દ્વારા અભયભાઈને ટ્રાન્સફર કરી હતી. વળતર તરીકે શરૂઆતના ૯ મહિના સુધી રકમ જમા થતી રહી, પરંતુ ત્યારબાદ વળતર આવવાનું બંધ થઈ ગયું હતું. જ્યારે દસમા મહિને વળતર જમા ન થયું, ત્યારે અમિતભાઈએ અભયનો સંપર્ક કર્યો હતો. એ વખતે અભયએ સતત વાયદાઓ આપ્યા હતા કે નાણાં પરત મળી જશે. લાંબો સમય વીતવા છતાં પૈસા ન મળતા, અમિતભાઈએ સુરક્ષા પેટે આપેલા ચેક બેંકમાં જમા કરાવ્યા હતા. તેમાંથી માત્ર એક લાખ રૂપિયાનો એક ચેક પાસ થયો હતો.

પરંતુ જ્યારે બાકીના તમામ ચેક બેંકમાંથી બાઉન્સ થઈને પરત આવ્યા હતા. સમાધાનની આશામાં અમિતભાઇએ અત્યાર સુધી રાહ જોઈ હતી, પરંતુ આખરે પોતાની મુદ્દલ રકમના રૂપિયા ૬,૦૦,૦૦૦ પરત ન મળતા તેમણે માલવીયાનગર પોલીસને જાણ કરતાં પોલીસ ઇન્સપેકટર જે. આર. દેસાઇની રાહબરીમાં પીએસઆઇ આર. આર. કોઠીયાએ એફઆઇઆર દાખલ કરી આરોપીને પકડી લેવા આગળની તપાસ શરૂ કરી હતી. આમ શેર બજારમાં કમાણીની લાલચ દઇ વધુ એક શખ્સ ગઠીયાગીરી કરી ગયો હતો. જો કે આ વખતે ગઠીયાગીરી માટે અખબાર જેવા માધ્યમનો ઉપયોગ કરાયો હતો.

---

### પતિને તેના ભાઇઓ સાથે ભાગીદારીમાં ધંધો કરવાની ના પાડી હતી

# શિક્ષીકાને દેરાણી-જેઠાણીએ માર મારી બટકા ભરી કાઢ્યું લોહી

## રૈયા રોડ રાધીકા પાર્કમાં બનાવઃ તું કેમ હોટેલ બનાવવાની ના પાડે છે કહી બંને તૂટી પડી

રાજકોટ,તા.૨૮

મારામારીની ઘટનાઓ રોજબરોજ બનતી હોય છે. પરંતુ એક બનાવમાં દેરાણી-જેઠાણીઓ વચ્ચે જામી પડી હતી. શિક્ષીકા ઉપર તેણીના દેરાણી-જેઠાણીએ સાથે મળી હુમલો કરી માર માર્યો હતો. લાકડીથી ફટકા મારી બટકા પણ ભરી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે રૈયા રોડ આલાપ ગ્રીન સીટીની બાજુમાં રાધીકા પાર્ક બ્લોક નં. ૩માં રહેતાં અને પડધરી તાલુકાના મોટા રામપર ગામે શિક્ષીકા તરીકે ફરજ બજાવતાં પિસ્તાલીસ વર્ષના દીપ્તીબેન અશ્વીનભાઇ ફાસરાની ફરિયાદ પરથી પાટીદાર ચોક મવડી ધરમનગરમાં રહેતાં તેણીના દેરાણી કાજલબેન નીલેષભાઇ ફાસરા અને જેઠાણી શીતલબેન પ્રકાશભાઇ ફાસરા વિરૂધ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયા મુજબ દીપ્તીબેનના પતિ અશ્વિનભાઈ અને તેમના ભાઈઓ પ્રકાશભાઈ તથા નિલેશભાઈ સંયુક્ત રીતે રૈયા રોડ પર હોટલનું બાંધકામ કરી રહ્યા છે. દીપ્તીબેનને આ સંયુક્ત ધંધો મંજૂર ન હોવાથી તેમણે પતિને અવારનવાર સમજાવ્યા હતા કે આપણે ભાઈઓ સાથે ભાગીદારીમાં ધંધો કરવો નથી. આ બાબત તેમના જેઠ અને દિયરના પરિવારને ખટકી રહી હતી.

વધુ માહિતી અનુસાર સવારના નવેક વાગ્યાના અરસામાં દીપ્તીબેન ઘરે હતા ત્યારે તેમના જેઠાણી શીતલબેન અને દેરાણી



કાલ્પનિક ચિત્ર

કાજલબેન ઘરે ધસી આવ્યા હતાં અને તું કેમ ભાઇઓને હોટલ બનાવવાની ના પાડે છે? તેમ કહી બોલાચાલી શરૂ કરી હતી. ઝઘડો વધતા ઉશ્કેરાયેલા જેઠાણી શીતલબેને પોતાની પાસે રહેલી જાડી લાકડી વડે દીપ્તીબેનના માથામાં જમણી બાજુ જોરદાર ઘા ઝીંકી દીધો હતો.

આટલેથી ન અટકતા, જેઠાણી અને દેરાણીએ દીપ્તીબેનના વાળ ખેંચી મારપીટ કરી હતી અને ઝપાઝપી દરમિયાન આંગળીમાં બચકું પણ ભરી લીધું હતું. હુમલા બાદ લોહીલુહાણ હાલતમાં દીપ્તીબેન હોટલની સાઇટ પર ગયા હતા અને પતિને જાણ કરી હતી, પરંતુ પતિએ કોઈ પ્રતિસાદ આપ્યો નહોતો. અંતે દીપ્તીબેને તેમના કાકાજી સસરાને ફોન કરતા તેઓ દોડી આવ્યા હતા અને ૧૦૮ મારફતે તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. હોસ્પિટલમાં દીપ્તીબેનને માથાના ભાગે ચાર ટાંકા આવ્યા છે. દીપ્તીબેને પોતાની ફરિયાદમાં પતિ અને દેરાણી વચ્ચેના સબંધોના આક્ષેપો પણ કર્યા છે. ઈન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં એએસઆઇ જે. એલ. બાળાએ વધુ તપાસ હાથ ધરી હતી.

---

### મિત્રતા અને પ્રેમની જાળ રચી આંબાઆંબલી દેખાડી દેહ પીંખવાની વધુ બે ઘટના

# સગીરા-યુવતિ સાથે પ્રેમના નામે આચર્યુ દૂષ્કર્મ

## બંને ઘટનામાં લગ્નની લાલચ આપી વારંવાર દેહ પીંખી પછી તરછોડી દીધીઃ લાલબત્તી સમાન ઘટનાઓમાં હવસખોરો સામે પોલીસની કાર્યવાહી



રાજકોટ,તા.૨૮

મિત્રતા અને પ્રેમના નામે ફસાવીને સગીરાઓ, યુવતિઓની જિંદગી બરબાદ કરવાના કિસ્સા રોજબરોજ બનતા રહે છે. અવાર-નવાર લેભાગુ તત્વો ઓનલાઇન મિત્રતા કરીને કે પછી કોઇપણ રીતે પીછો કરી જાળમાં ફસાવી લગ્નના નામે દૂષ્કર્મ આચરી લેવામાં આવતું હોય છે. બાદમાં તેણીને તરછોડી દેવામાં આવે છે. આ પ્રકારની વધુ બે ઘટના બની છે. જેમાં એક સગીરાને ઢગાએ પ્રેમજાળમાં ફસાવી બળાત્કાર ગુજારી લીધો હતો. આ પછી તેણે સતત હેરાન કરવાનું ચાલુ કરતાં સગીરાએ પરિવારને જાણ કરી હતી. બીજી ઘટનામાં યુવતિને પ્રેમમાં ફસાવી લગ્નની લાલચ આપી દેહ પીંખી લીધા બાદ તરછોડી દેતાં તેણીએ પોલીસની મદદ લીધી છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આણંદના બોરસદમાં એક સગીરાને -મ જાળમાં ફસાવી એક શખ્સે તેણીના ઘરે જઈ મરજી વિરૂદ્ધ અવારનવાર તેણી સાથે દુષ્કર્મ આચર્યું હોવાના આક્ષેપ સાથેની ફરિયાદ નોંધાઈ છે. જે અંગે બોરસદ શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આણંદ જિલ્લાના બોરસદ ખાતે રહેતા સુજાનખાન સાદીકઉલ્લા ઉર્ફે શેરૂ પઠાણનો થોડા માસ અગાઉ સત્તર વર્ષીય સગીરા સાથે પરિચય થયો હતો. આ દરમિયાન સુજાનખાને સગીરા સાથે મિત્રતા કેળવી તેને પોતાની પ્રેમ જાળમાં ફસાવી હતી. દરમિયાન સુજાનખાને વીતેલા છ માસ દરમિયાન સગીરાને લગ્ન કરવાની લાલચ આપી તેણીના ઘરે કોઈ ન હોય ત્યારે તકનો લાભ લઇ સગીરાને મળવાના બહાને તેણીના ઘરે જઈ મરજી વિરુદ્ધ અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું.

આ પછી સુજાનખાને સગીરાને સતત બ્લેકમેઇલ હેરાન કરવાનું ચાલુ કરી દીધુ હતું. આથી કંટાળીને સગીરાએ પરેશાન થઈ ગઈ હતી અને તેણીએ સમગ્ર બાબત અંગે પરિવારજનોને જાણ કરતા પરિવારજનો ચોંકી ઉઠયાં હતા અને બોરસદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે સુજાનખાન પઠાણ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બીજી દૂષ્કર્મની ઘટના ભાવનગરના પાલિતાણા પંથકની છે. એક યુવતીને લગ્નની લાલચ આપી શખ્સે અવાર નવાર શરીર સંબંધ બાંધી લગ્ન નહી કરી યુવતીને જ્ઞાતિથી અપમાનિત કરી હતી. આ બનાવ અંગે યુવતીએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રોના કહેવા અનુસાર પાલિતાણા પંથકમાં યુવતી સાથે દુષ્કર્મના બનાવની મળતી વિગતો પ્રમાણે પાલિતાણા પંથકની એક યુવતીને પંકજ ઉર્ફે ઋત્વીજ કમલેશભાઈ સાટીયા નામના શખ્સે લગ્ન કરવાની લાલચ આપી યુવતી સાથે અલગ અલગ દિવસે ચારથી પાંચ વખત શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરી લીધુ હતું.

ત્યારબાદ યુવતિએ લગ્ન નહી કરી જ્ઞાતિથી અપમાનિત કરી હતી. બનાવ અંગે યુવતીએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં પંકજ ઉર્ફે ઋત્વીજ કમલેશભાઈ સાટીયા સામે ફરિયાદ નોંધાવતા પાલિતાણા ટાઉન પોલીસે એટ્રોસિટી અને દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. આમ વધુ બે બનાવમાં મિત્રતા, પ્રેમની જાળ રચી સગીરાને અને યુવતિને બે ઢગાઓએ ફસાવી લીધી હતી અને દૂષ્કર્મ આચરી તરછોડીદીધી હતી. આ પ્રકારના લેભાગુઓ ગામેગામ વસવાટ કરતાં હોય છે. મિત્રતા, પ્રેમ કરવામાં ખોટુ નથી. પણ આવા લેભાગુઓ ફસાવી ન જાય એ માટે સતર્ક રહેવું ખુબ જરૂરી છે. આવા કિસ્સા સતત સામે આવતાં રહે છે. પોલીસ લેભાગુઓ સામે પોક્સો સહિતની કલમો હેઠળ કાર્યવાહી કરી જેલભેગા કરે છે. પરંતુ છતાં આવા બનાવો અટકતા નથી. એ પણ હકિકત છે.

ન જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું?...પહોંચવાનું હતું દિકરીના ઘરે પણ...

# હોળીનો હાયડો દેવા નીકળેલુ દંપતિ ખંડિતઃ પતિનું મોત

## રાજકોટ લાખાજીરાજ ઉદ્યોગનગરના પરિવારમાં શોકની કાલીમાઃ પડધરી પાસે અકસ્માત નડ્યોઃ પત્નિની હાલત ગંભીર :બીજા બનાવમાં ગ્રાઇન્ડર છટકીને લાગતાં મજૂર યુવાનનું મોત

રાજકોટ,તા.૨૮

કાળા માથાના માનવીને ક્યારે અને કેવી રીતે કાળનો ભેટો થઇ જાય તેની કદી ખબર હોતી નથી. કંઇક આવી જ એક કરૂણ ઘટનામાં ચુનારાવાડ લાખાજીરાજ ઉદ્યોગનગરનું દંપતિ ખંડિત થઇ ગયું છે. આ વૃધ્ધ પતિ-પત્નિ પડધરી ખાતે સાસરે રહેલી દિકરીને હોળીના તહેવાર અંતર્ગત રિવાજ મુજબ હાયડો દેવા જઇ રહ્યા હતાં ત્યારે ટુવ્હીલરને અકસ્માત નડ્યો હતો. જેમાં પતિનું મૃત્યુ થયું હતું, પત્નિ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

વિગતો પર નજર કરીએ તો આ કરૂણ બનાવ પડધરીની ભારત હોટેલ નજીક બન્યો છે. અહિ ટુવ્હીલરને નડેલા અકસ્માતમાં રાજકોટનું વૃધ્ધ દંપતિ ખંડીત થયું છે. પતિ-પત્નિ પડધરી રહેતી દિકરીને હોળીનો હાયડો આપવા માટે ટુવ્હીલર લઇને જતાં હતાં ત્યારે વાહન સ્લીપ થતાં અથવા તો કોઇ વાહનની ઠોકરે ચડી જતાં બંનેને ગંભીર ઇજા થઇ હતી. જેમાં પતિનું મોત થયું છે અને પત્નિ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. બનાવને પગલે ચુનાવાવાડ વિસ્તારમાં રહેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. ચુનારાવાડ લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતાં સાંઇઠ વર્ષના ધનજીભાઇ રામજીભાઇ સાકરીયા સાંજે ટુવ્હીલરમાં પત્નિ પચાસ વર્ષના રંજનબેનને બેસાડીને પડધરી મોવૈયા સર્કલ પાસે રહેતી દિકરી સંજનાબેનને હોળીનો હાયડો આપવા જવા રાજકોટથી રવાના થયા હતાં.

પતિ-પત્નિ ઇટર્નો સ્કૂટર પર બેસીની રાજકોટથી નીકળ્યા હતાં. બંને પડધરી નજીક ભારત હોટેલ પાસે રાતે નવેક વાગ્યે પહોંચ્યા ત્યારે તેના વાહનને અકસ્માત નડતાં બંને રોડ પર ફેંકાઇ ગયા હતાં અને ગંભીર ઇજાઓ થઇ હતી. ઘટનાને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં અને કોઇએ ૧૦૮ને જાણ કરતાં બંનેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ધનજીભાઇનું ટુંકી સારવાર બાદ મોત થયું હતું. તેમના પત્નિ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસ રાજકોટ પહોંચી હતી અને બંનેના સગા પરિવારજનોને શોધવા તપાસ હાથ ધરી હતી.







તપાસ દરમિયાન મૃતક ધનજીભાઇ ચુનારાવાડ લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતાં હોવાની માહિતી મળતાં પોલીસે સગાને જાણ કરી હતી અને હોસ્પિટલે બોલાવી મૃતદેહની ઓળખ કરી હતી. મૃત્યુ પામનાર ધનજીભાઇ સાકરીયા ફીલ્ડ માર્શલ કંપનીમાં નોકરી કરતાં હતાં. તેમને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પોતે ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં બીજા હતાં. દિકરી પડધરી સાસરે હોઇ તેને હોળીના તહેવાર નિમીતે હાયડો આપવા જવા પતિ-પત્નિ નીકળ્યા ત્યારે પડધરીના મોવૈયા સર્કલ પાસે આ બનાવ બન્યો હતો. મોભીના મૃત્યુથી સાકરીયા-કોળી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. વાહન સ્લીપ થયું કે પછી કોઇ બીજા વાહનની ઠોકરે ચડતાં બનાવ બન્યો? તેની તપાસ પડધરી પોલીસ કરી રહી છે.

અપમૃત્યુના બીજા એક બનાવમાં કચ્છના મુંદ્રામાં બાંધકામની સાઇટ પર કામ કરતી વખતે ગ્રાઇન્ડર છટકીને પગમાં લાગી જતાં ગંભીર ઇજા થતાં મુળ બિહારના કર્મચારી યુવાનનું મોત થતાં સાથી કર્મચારીઓમાં ગમગીની છવાઇ ગઇ હતી. મુંદ્રા ખાતે ઇસ્માઇલભાઇની સાઇટ પર કામ ચાલી રહ્યું હોઇ અહિ પંદરેક દિવસ પહેલા જ મજૂરી કામ કરવા આવેલો બિહારનો છત્રીસ વર્ષનો લાલટુન અમરીત માંઝી સાંજે ચોરક વાગ્યે કામ કરતો હતો ત્યારે ગ્રાઇન્ડર છટકીને પગમાં લાગી જતાં ગંભીર ઇજા થતાં ત્યાંની હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. મૃતકને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. આ બનાવથી સાથી મજૂરોમાં પણ ગમગીની વ્યાપી ગઇ છે. બનાવની જાણ બિહાર ખાતે પરિવારજનોને પણ કરવામાં આવી હતી. પેટીયુ રળવા અહિ આવેલા યુવાનનો તેના પરિવાર પાસે મૃતદેહ પાછો પહોંચતા કાળો કલ્પાંત સર્જાયો હતો.

અટકે ઇ ગઠીયાગીરી નહિઃ વધુ બે કિસ્સામાં બે લોકો છેતરાયા

# કર્મચારી શેઠને છેતરીને ખાઇ ગયો એક કરોડ

## મસાલા, સ્વેટર વેંચવાના નામે ઠગાઇ કરીઃ બીજા બનાવમાં હેર સલૂન સંચાલકને રોકાણના નામે ગઠીયાએ દીધો અગીયાર લાખનો ડામ

રાજકોટ,તા.૨૮

રોકાણ પર નફાની લાલચ આપી ઠગાઇના કિસ્સા સતત બની રહ્યા છે. ઠગાઇના એક બનાવમાં એક કંપનીના સંચાલકને ખુદ કંપનીનો પુર્વ કર્મચારી છેતરી ગયો છે. આ કર્મચારીએ ખાણીપીણીના મસાલા અને સ્વેટર વેંચવાના નામે એક કરોડ અગીયાર લાખની ઠગાઇ કરી લીધી હતી. બીજા એક આવા બનાવમાં એક હેરસલૂન સંચાલક સાથે અગીયાર લાખ આડત્રીસ હજારની ઠગાઇ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાં લોન આપતી કંપનીમાં કામ કરતા પૂર્વ કર્મચારીએ માલિકને લોનની સાથે મસાલા અને હાથવણાટના સ્વેટર વેચી વધુ વળતરની આપવાની લાલચ આપીને વેપારીઓને આપવાના બહાને એક કરોડ અગીયાર લાખ લીધા હતા જે બાદ પૈસા ખુદ વાપરી નાખ્યા હતા. જે અંગે વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ બોડકદેવમાં રહેતા છેતાલીસ વર્ષીય વેપારી હેમન્દ્રસિંહે તેમણે ત્યાં ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે કામ કરતા એસ સિદ્ધાર્થ સામે છેતરપિંડીની ફરિયાદ કરી છે. સિદ્ધાર્થ કંપનીમાં ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે મહિને ૩.૭૫ લાખ રૂપિયાના પગારમાં નોકરી કરતો હતો. તેણે વિશ્વાસ જીતીને કસ્ટમરને મસાલા અને સ્વેટર આપવાની સ્કીમ આપી હતી અને કંપનીને ૭થી ૧૦ ટકા માર્જિન અપાવવાનું કહી અલગ-અલગ પાર્ટીઓને ટ્રાન્સફર કરાવેલા ૧.૧૧ કરોડ પોતે જ વાપરી નાખ્યા હતા.

ત્યારબાદ આરોપીએ ઘરની લોન ભરવા માટે પણ વેપારી પાસેથી બાવીસ લાખ ઉછીના લીધા હતા. આમ ઘણા સમય સુધી માલ-સામાન અને પૈસા પાછા ના મળતા.વેપારીએ તેની તપાસ કરતા જાણવા મળ્યું હતુ કે એસ સિદ્ધાર્થે અન્ય વેપારીઓ પાસેથી જાણ બહાર રૂપિયા પાછા લઈ લીધા હતાં. આ પછી તેણે લેખિતમાં કબૂલાત કરી હતી પરંતુ માત્ર પચાસ હજાર રૂપિયા પાછા આપ્યા અને બાકીના એક કરોડ અગીયાર લાખ રૂપિયાથી વધુ ખુદ વાપરી ગયો હોવાનું કહ્યુ હતું. આ ઘટના અંગે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી ઘટનામાં વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં હેરસલૂન ધરાવતા એક સંચાલકને વિશ્વાસમાં લઇ ઇન્વેસ્ટમેન્ટના નામે ૧૧.૩૮ લાખ પડાવી લેનાર પરિચિત જિતેન્દ્રસિંઘ સામે ફરિયાદ નોંધાવી હતી. ગોરવાના હાઉસિંગ બોર્ડમાં રહેતા નરેશ ભાઇ બગથરીયાએ પોલીસને કહ્યું છે કે,મારા સલૂન પર આવતા રીચર્ડ નામના ગ્રાહક મારફતે ભાયલી ટીપી ૩ ખાતે શ્રી રાધેશ્યામ ઇલાઇટ ગ્રીન ફિલ્ડ ખાતે રહેતા જિતેન્દ્રસિંઘ મનકસિંઘ રાજપૂરોહિત સાથે પરિચય થયો હતો. જિતેન્દ્રસિંઘ સસ્તામાં ઇલેકટ્રોનિક્સ ચીજો રાખતા હોવાની વાત કરતાં મેં તેમની પાસે ૪૦ હજારનો ફોન ૨૬ હજારમાં લીધો હતો.

ત્યારબાદ તેમણે મને ધંધામાં ઇન્વેસ્ટમેન્ટ કરવા અને પ્રોફિટનો ભાગ આપવાની વાત કરતાં મેં વિશ્વાસ રાખી મારુ,મારી માતાના અને મિત્રના ક્રેડિટ કાર્ડ આપ્યા હતા.

શરૂઆતમાં તેમણે મને વળતર આપ્યું હતું.પરંતુ ત્યારબાદ રૂપિયા અગીયાર લાખ આડત્રીસ હજાર નહિ આપી વિશ્વાસઘાત કર્યો હોઇ પોલીસે તપાસ શરૂ કરી હતી. રોજબરોજ આ પ્રકારની ઠગાઇના એક બે કિસ્સા કોઇને કોઇ પોલીસ સ્ટેશનના ચોપડે ચડી જ ચુક્યા હોય છે. લોકોની લાલચ પણ આ પ્રકારના ફ્રોડ પાછળ જવાબદાર હોય છે. અથવા તો ઘણીવાર વિશ્વાસ રાખ્યો હોય તેમાં લેભાગુઓ દગાખોરી કરીને ડામ દઇ જતાં હોય છે. આ બંને ઘટનામાં પરિચીતોએ જ ગરીયા ફેરવી નાંખ્યા હતાં.

જિંદગી તો બેવફા હૈ એક દિન ઠુકરાયેગીઃ ત્રણ લોકોને દિલ દગો દઇ ગયું

# 'ધાર્મિક યાત્રા'એ નીકળેલા વૃધ્ધને આવ્યુ 'પરલોક'નું તેડુ

## કેરળના વૃધ્ધ ચોટીલામાં ઢળી પડતાં મૃત્યુઃ બીજા બનાવમાં સુરતથી રાજકોટ ભાઇના ઘરે આટો દેવા આવેલા પ્રૌઢને દિલ દગો દઇ ગયુંઃ બાંધકામના વ્યવસાયી પ્રૌઢનું પણ હૃદય ધબકારા ચુકી ગયુંઃ ત્રણ કરૂણ ઘટનાઓથી પરિવારોમાં શોક

રાજકોટ,તા.૨૮

મનુષ્યને પરલોકનું તેડુ ક્યારે કયા સ્થળે અને કેવી રીતે આવી જાય તેનો અણસાર આવતો નથી. નીકળ્યા હોય યાત્રાએ અને રસ્તામાં જિંદગીની યાત્રા જ ખતમ થઇ જાય તો? કંઇક આવીજ બે ઘટનાઓ બની છે. જેમાં એક વૃધ્ધ ધાર્મિક સ્થળોની યાત્રા માટે પત્નિ સાથે કેરલાથી નીકળ્યા હતાં. ચોટીલામાં તેમને દિલ દગો દઇ જતાં મૃત્યુ થયું છે. તો બીજા બનાવમાં સુરતથી રાજકોટ પોતાના પત્નિ સાથે ભાઇના ઘરે આટો દેવા આવેલા પ્રૌઢનું પણ હૃદય ધબકારા ચુકી જવાથી મૃત્યુ થયું હતું. આમ બંને ઘટનામાં બે યાત્રીઓની જિંદગીનો તેના ઘર-વતનથી દુર અંતરીયાળ અંત આવી ગયો હતો.







વિગતો પર નજર કરીએ તો કેરળના વૃધ્ધ યાત્રી સાથે બની છે. ધર્મપત્નિ તથા બીજા ચાલીસેક હમવતનીઓ સાથે સૌરાષ્ટ્રના ધાર્મિક સ્થળોની યાત્રાએ આવેલા વૃધ્ધનું ચોટીલા ખાતે હૃદય રોગનો હુમલો આવતાં મૃત્યુ થયું હતું. કેરળના વલપદ ખાતે રહેતાં છોંતેર વર્ષના બાલચંદ્રન શનકરણ ઇગુર સાંજે આઠેક વાગ્યે ચોટીલામાં સપના હોટલ પાસે હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પોલીસ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર હાલ નિવૃત જીવન જીવતાં હતાં. તેમને સંતાનમાં એક દિકરો છે. પોતે પત્નિ સાથે અન્ય યાત્રાળુઓ સાથે સૌરાષ્ટ્રના ધાર્મિક સ્થળોની યાત્રાએ આવ્યા હતાં. ગત સાંજે આ યાત્રાળુઓ ચોટીલા પહોંચ્યા ત્યારે બાલચંદ્રનને હાર્ટએટેક આવી ગયો હોવાનું જાણવા મળ્યું છે. ચોટીલા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજી આવી ઘટનામાં સુરત રહેતાં પ્રૌઢ રાજકોટ પોતાના કાકાના દિકરા ભાઇના ઘરે પત્નિ સાથે આટો દેવા આવ્યા હોઇ અહિ દિલની ધડકન બંધ પડી જતાં હૃદય રોગનો હુમલો આવી જતાં મૃત્યુ થયું હતું. સુરતના કામરેજ રાધીકા સોસાયટીમાં રહેતાં બળવંતભાઇ પોપટભાઇ આજગીયા નામના છપ્પન વર્ષના પ્રૌઢ કોઠારીયા રણુજા મંદિર પાસે કૈલાસ પાર્ક-૩માં પોતાના કાકાના દિકરા ભાઇ પરેશભાઇ હરિભાઇ આજગીયાના ઘરે હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર બળવંતભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં.

વધુ વિગતો અનુસાર તે અગાઉ સુરતમાં હીરા ઘસવાનું કામ કરતાં હતાં અને હાલ નિવૃત જીવન જીવતા હતાં. તેમને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. પોતે પત્નિ હંસાબેન સાથે રાજકોટ ભાઇના ઘરે આટો દેવા આવ્યા હોઇ હૃદય રોગનો હુમલો આવી જતાં મૃત્યુ થયાનું જણાવાયું હતું. મૃતદેહને અંતિમવિધી માટે સુરત લઇ જવામાં આવ્યો હતો. ઘટનાથી સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

હૃદય બંધ પડી જવાથી મૃત્યુના ત્રીજા બનાવમાં નાના મવા રોડ પર રાજશ્રૃંગાર પાર્ટી પ્લોટ નજીક રાજ રેસીડેન્સીમાં રહેતાં બાંધકામના ધંધાર્થી ઓગણસાંઇઠ વર્ષના સુરેશભાઇ મેઘજીભાઇ કમાણી ઘરે હતા ત્યારે એકાએક બેભાન થઇ જતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર સુરેશભાઇ બાંધકામનો વ્યવસાય ધરાવતાં હતાં. તેઓ ત્રણ ભાઇ અને બે બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરો છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. તાલુકા પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

પરપ્રાંતિય કન્યા સપના સાથે પરણી સંસાર જીવનના જોયેલા સપના ચકનાચૂર થયા

# ચાર દિન કી ચાંદનીઃ લગ્નના ચોથા દિવસે દૂલ્હન છૂ

## દલાલા મારફત રોકડ-દાગીના ચુકવીને યુવાન પરણ્યોઃ પણ પછી છેતરાયાની ખબર પડીઃ કન્યા સહિત સાતની ટોળકી સામે નોંધાવી ફરિયાદ

રાજકોટ,તા.૨૮

લગ્નવાંચ્છુ યુવાનોએ અવાર-નવાર છેતરી લેવાની ઘટનાઓ બનતી રહે છે. તાજેતરમાં રાજકોટના એક યુવાન સાથે આવી ઘટના બની હતી. જેમાં કુંવારી હોવાનું કહી બે સંતાનની માતા સાથે તેને પરણાવી દઇ દલાલ ટોળકીએ રોકડી કરી લીધી હતી. આવી જ એક ઘટનામાં વધુ એક યુવાન શિકાર બન્યો છે. લગ્નના નામે સાત જણાએ ટોળકી રચી યુવાનને ખંખેર્યો છે. નકલી લગ્ન કરી રોકડ, દાગીના પડાવી લેવાયા હતાં. ચાર દિન કી ચાંદનીની જેમ લગ્નના ચોથા દિવસે જ દૂલ્હન ઘરેથી રોકડ, ફોન, દાગીના ઉસેડી ભાગી ગઇ હતી. આ મામલે છેતરયેલા યુવાને લૂટેરી દૂલ્હન સહિત સાતની ટોળકી સામે એફઆઇઆર દાખલ કરાવતાં તપાસ શરૂ કરવામાં આવી છે.

રાજ્યમાં અનેક એવા યુવાનો હોય છે જેના લગ્ન કોઇપણ કારણોસર તેની જ્ઞાતિ, સમાજમાં થતાં હોતા નથી. આવા યુવાનો તેના પરિવારજનો દલાલોનો સંપર્ક કરી પરપ્રાંતીય કન્યા સાથે લગ્ન ગોઠવતા હોય છે. જો કે આ પ્રકારે લગ્ન કરનારા મોટા ભાગના યુવાનો છેતરાઇ જાય છે. એક નવા કિસ્સામાં ખેડા તાલુકાના રઢુ ગામે એક યુવક સાથે નકલી લગ્ન કરાવી રોકડા અને દાગીના પડાવી લેવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર અને સ્થાનિક દલાલોની ટોળકીએ આ છેતરપિંડી આચરી હતી. લગ્નના ચાર દિવસ બાદ જ નવોઢા રોકડ, મોબાઈલ અને દાગીના લઈને ફરાર થઈ ગઈ હતી. ભોગ બનનાર યુવકે ખેડા ટાઉન પોલીસ મથકે લૂંટરી દુલ્હન અને દલાલો સહિત સાત શખ્સો સામે ગુનાહિત કાવતરૂ રચી ઠગાઈ કરવા અંગે ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ છે.

પોલીસ સુત્રોએ કહ્યું કે રઢુ ગામના ઈન્દિરાનગરી વિસ્તારમાં રહેતા દીપક અરવિંદભાઈ પરમાર, જેઓ ધોળકાની ફાર્મા કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે.




તેના લગ્ન ન થતા તેમણે સંબંધીઓને વાત કરી હતી. તેમના બનેવી મારફતે ધોળકાના ચલોડા ગામના દલાલ દીપક રામાભાઈ પરમારનો સંપર્ક થયો હતો. આ દલાલે મહારાષ્ટ્રની એક યુવતી સાથે સગપણ કરાવવાની ખાતરી આપી હતી અને યુવતીના પરિવારજનો સાથે રઢુ ગામે મુલાકાત કરાવી હતી. મુલાકાત દરમિયાન, દલાલો અને યુવતીના પરિવારજનોએ લગ્ન માટે એક લાખ સિત્તેર હજાર અને દાગીનાની માંગણી કરી હતી.

બાદમાં અમદાવાદના નવરંગપુરા ખાતે આવેલા મેરેજ પોઈન્ટમાં દીપકના લગ્ન મહારાષ્ટ્રની સપના સાહેબરાવ અલહત સાથે હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ થયા હતા. દીપકે દલાલી અને ચઢાવા પેટે કુલ રૂપિયા એક લાખ સિત્તેર હજારરોકડા ચૂકવ્યા હતા. તેની માતાએ સપનાને આશરે પચાસ હજારની કિંમતની સોનાની ચેઈન અને અન્ય ચાંદીના દાગીના પણ આપ્યા હતા. લગ્ન બાદ દંપતીએ અમદાવાદ સિવિલ રજિસ્ટ્રાર કચેરીમાં લગ્નની નોંધણી પણ કરાવી હતી.

સપના ત્રણ દિવસ સુધી રઢુ ગામે દીપકના ઘરે પત્નિ તરીકે રહી હતી. પરંતુ આ સમયગાળા દરમિયાન તેના પર સતત ફોન આવતા હતા અને તે મરાઠી ભાષામાં ગુસ્સામાં વાત કરતી હતી. આ પછી લગ્નના ચોથા દિવસે રાત્રે સપનાએ જમવામાં કંઈક ભેળવી દીધું હોવાથી દીપક અને તેની માતાને ઘેન ચઢી ગયું હતું. આનો લાભ ઉઠાવી સપના વહેલી સવારે બે વાગ્યાની આસપાસ ઘરમાંથી મોબાઈલ અને દાગીના લઈને ફરાર થઈ ગઈ હતી.

પત્નિ ઘરમાં ન જણાતા દીપકે તેની શોધખોળ કરી હતી અને દલાલોનો સંપર્ક કરવાનાપ્રયાસ કર્યો હતો, પરંતુ તેમના ફોન સ્વિચ ઓફ આવતા હતા.

લાંબા સમય સુધી દલાલો કે યુવતીનો કોઈ પત્તો ન લાગતા, અંતે દીપક પરમારે ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આમ વધુ એક યુવાનને લૂંટેરી દૂલ્હન ટોળકી છેતરી ગઇ હતી. રાજકોટના યુવાને પણ પત્નિને મરાઠી ભાષામાં વાત કરી હોઇ એ સાંભળીને તેનું ભાષાંતર કરતાં છેતરપીંડી થઇ રહ્યાની ખબર પડી હતી. આ કિસ્સામાં પણ આવુ જ થયું હતું. આવા કિસ્સા સતત બનતા રહે છે જેમાં લગ્નવાંચ્છુઓ છેતરાઇ રહ્યા છે.

# મનપા ચૂંટણીમાં ભાજપને હંફાવા કોંગ્રેસની નવી રણનીતિ

## દરેક વોર્ડને ૪ ભાગમાં વિભાજિત કરી ૪ પ્રમુખની નિમણૂક, દરેક મતદાન કેન્દ્ર માટે પણ પ્રમુખ નિમાયા, દરેક બુથ માટે પણ પ્રમુખની વરણી

રાજકોટ, તા. ૨૮

દરેક રાજકીય પક્ષોમાં ભાજપનું પ્રભુત્વ હર હંમેશ જોવા મળતું હોય છે પરંતુ તેની પાછળનું મુખ્ય કારણ જો કોઈ હોય તો તે બુથ લેવલની સક્રિયતા છે ત્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ હવે બુથ લેવલ કાર્યકરોને વધુ સક્રિય કરવા માટેના પ્રયત્નો હાથ ધરી રહ્યા છે. મહાનગરપાલિકાની ચૂંટણીઓને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાનું હાલ મનાઈ રહ્યું છે ત્યારે કોંગ્રેસે પણ આ વખતે અનેક નવા પગલાંઓ લેવાનું નક્કી કર્યું છે પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર જો લેવામાં આવેલા પગલાંઓ યોગ્ય રીતે અનુસરવામાં આવે તો કોંગ્રેસને ફાયદો મળી શકે તેમ છે અન્યથા નહીં. અત્યાર સુધી કોંગ્રેસના કાર્યકરો ભાજપની ગતિને પહોંચી શકતા ન હતા અને પરિણામ સ્વરૂપે દરેક જગ્યા અને દરેક ચૂંટણીમાં કારમો પરાજય વેઠવો પડતો હતો. પરંતુ કોંગ્રેસ પાર્ટીના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર આ વખતે કંઈક નવું જ કોંગ્રેસ પાર્ટી કરી રહી છે પરંતુ જોવાનું એ રહ્યું કે આ ઉપાય તેઓને કેટલો ફળે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દરેક વોર્ડના ચાર ભાગ કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવ્યા છે અને તે તમામ ચાર ભાગના ચાર પ્રમુખોની નિયુક્તિ કરવામાં આવી છે જેઓએ સમગ્ર વોર્ડના પ્રમુખને રિપોર્ટ કરવાનો રહેશે.

બીજી તરફ દરેક મતદાન કેન્દ્રના એક એક પ્રમુખ વીમવામાં આવ્યા છે કારણકે દરેક મતદાન કેન્દ્ર હેઠળ પાંચ થી છ બુથ આવતા હોય છે તો સામે દરેક બૂથના પ્રમુખો નિમવામાં આવ્યા છે. અને દરેક બુથના પ્રમુખોનું રિપોર્ટીંગ પ્રદેશ કક્ષાએથી થશે અને તેઓને પણ સતત લોકો વચ્ચે રહેવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવશે. એટલું જ નહીં જે પ્રમુખો બનશે તેમની જવાબદારીઓ પણ પૂર્ણતઃ ફિક્સ કરવામાં આવશે. અત્યાર સુધી જે બુથ રેઢા રહેતા હતા તે હવે નહીં રહે. બીજી તરફ દરેક વોર્ડમાં માત્ર એક કે બે જગ્યા પર મોટી સભાઓ કરી સંતોષ માની લેવામાં આવતો હતો પરંતુ હવે એવું નહીં થાય નાના નાના જૂથ ને સાથે રાખીને દરેક વોર્ડ વિસ્તારોમાં સભા કરવા માટેનું આયોજન પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું છે જેથી વોર્ડમાં એકલદોકલ જગ્યાએ નહીં પરંતુ મહત્તમ જગ્યા પર સભાઓ થઈ શકે અને લોકોના પ્રશ્નોને વાચા આપવામાં આવી શકે.

અત્યાર સુધી કોંગ્રેસ હોય કે આમ આદમી પાર્ટી કાર્યકરોની નિષ્ક્રિયતા પણ એટલો જ ભાગ પરાજયમાં ભજવ્યો છે તેવું જાણકાર વર્તુળો કરી રહ્યા છે પરંતુ આ વખતે કોંગ્રેસનું શીર્ષ નેતૃત્વ પ્રમુખો તથા જવાબદાર આગેવાનો સાથે સીધા જ સંપર્કમાં રહી કોઈ કામગીરીમાં કચવાટ રહેતો હોય તો તેને દૂર કરવાનો નિર્ણય લીધેલો છે અને તે દિશામાં જ હાલ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વધુને વધુ કાર્યકરો સક્રિય થાય તે માટે તેઓને બુથ લેવલની જવાબદારી પણ સોંપાઈ છે. કોંગ્રેસના આંતરિક સૂત્રોને જણાવ્યા અનુસાર તેમના મતદારોમાં મતદાન કરવા માટેની જાગૃતતા આવે તે માટેના પણ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. એટલું જ નહીં અત્યાર સુધી કોંગી મતદારોની વાત કરવામાં આવે તો તેઓને જ્યારે કહેવામાં આવે ત્યારે તેઓ મતદાન કરવા જતા અને પરિણામ સ્વરૂપે ન જેવી સરસાઈથી ભાજપ ના ઉમેદવારોનો વિજય થતો પરંતુ આ વખતે શરૂઆતથી જ કોંગી મતદારોને મતદાન કરવા માટે પ્રેરિત કરવામાં આવશે જે માટે બુથ લેવલની કામગીરીને વધુ મજબૂત કરી દેવામાં આવી છે.

હાલ પ્રદેશ કક્ષાએથી પણ અનેકવિધ નવી યોજનાઓની અમલવારી શરૂ કરી દેવામાં આવી છે અને તે માટે કોંગી આગેવાનો વધુ સક્રિયતાથી ભાગ ભજવે તે માટેની વ્યવસ્થા પણ ઊભી કરાઈ છે દરેક કાર્યકરો દ્વારા કરવામાં આવતી કામગીરી ની યાદી પણ પ્રદેશ કક્ષાએ થઈ રહી છે જેથી જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ આ વખતે દરેક ક્ષેત્રે એડીચોટીનું જોર લગાવી કાર્યકરોને સક્રિય કરી રહી છે જેથી મતદારોને મતદાન મથક સુધી લઈ જવામાં સફળ રહે.



જે બુથ રેઢા રહેતા તે માટે નિમાયેલા આગેવાનોની જવાબદારી કરાઈ ફિક્સઃ મોટી સભાઓની સાથે ક્લસ્ટર મીટીંગ નું પણ આયોજન જેથી વોર્ડના મહત્તમ વિસ્તારોને આવરી લેવાય

### સાયબર ક્રાઈમ સહિતના મુદ્દાઓની ચર્ચા માટે

# રાજ્યના પોલીસવડાની રાજકોટમાં ક્રાઈમ કોન્ફરન્સ

## સ્થાનિક પોલીસ કમિશનર ઉપરાંત મોરબી, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લા પોલીસવડાની હાજરીમાં મળશે બેઠક

રાજકોટ, તા.૨૮

રાજકોટ પોલીસ કમિશનર કચેરી ખાતે આજે રાજ્યના પોલીસવડા ડો.કે. એલ.એન. રાવની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર લેવલની ક્રાઈમ કોન્ફરન્સ યોજાનાર છે. જેમાં રાજકોટ સહિત ત્રણ રેન્જના આઈજી તેમજ અલગ-અલગ જિલ્લાના પોલીસવડાઓ ખાસ ઉપસ્થિતિ રહેવાના છે.

ડીજીપી બન્યા બાદ ડો. રાવ પહેલીવાર રાજકોટ આવી રહ્યા હોવાથી આગવી તૈયારીઓ આરંભાઈ હતી. ક્રાઈમ કોન્ફરન્સમાં રાજકોટના પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરીયા, તમામ ડીસીપી હાજર રહેશે.

આ ઉપરાંત રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, ભાવનગર રેન્જ આઈજી ગૌતમ



પરમાર અને જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડિયા ઉપરાંત રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર, સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ, જામનગર જિલ્લા પોલીસવડા ડો. રવિમોહન સૈની, ગીર-સોમનાથ જાડેજા, મોરબી એસપી મુકેશ પટેલ, જૂનાગઢ એસપી સુબોધ ઓડેદરા, દેવભૂમિ દ્વારકામાં જયવીરસિંહ વાળા, ભાવનગર એસપી નિતેશ પાંડે, બોટાદ એસપી ધર્મેન્દ્ર શર્મા, અમરેલી એસપી સંજય ખરાત સહિતના જિલ્લા પોલીસવડાઓઅને હથિયારી એકમના વડા પી.કે. રોશન સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહેવાના છે.

પોલીસ અધિકારીઓની આ બેઠકમાં ગુજરાત રાજ્યમાં વધી રહેલા સાયબર ક્રાઈમ, ટ્રાફિક સમસ્યા, નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા સહિતના મુદ્દે ફુલપ્રુફ પ્લાનિંગ કરવામાં આવશે. તેમજ દરેક શહેર-ચર્ચા કરવામાં જિલ્લામાં નોંધાયેલી ગુનાખોરી ઉપર આવશે.

પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, આજે સાંજે પોલીસવડા ડો.કે.એલ.એન. રાવનું રાજકોટમાં આગમન થઈ ગયું છે. તેઓએ સર્કીટ હાઉસમાં રાત્રી રોકાણ કર્યું હતું.

# વોર્ડ ૬ના કોર્પોરેટરો "નો-રીપીટ"

રાજકોટ, તા. ૨૮

મહાનગરપાલિકાની ચૂંટણીઓ આવે ત્યારે સ્થાનિક લોકોમાં એક જ પ્રશ્ન ઊભો થતો હોય છે અને તે છે ખોટા વાયદાઓ જે ઉમેદવારો દ્વારા કરવામાં આવતા હોય કારણ કે રાજકોટના ૧૮ વોર્ડમાં એક પણ એવો વોર્ડ નહિ હોય કે જ્યાં કોઈ પ્રશ્ન ના હોય અથવા તો કોઈ સમસ્યા ન હોય આ બાબતે સ્થાનિક લોકોમાં હર હંમેશ કચવાટ અનુભવાતો હોય છે. ત્યારે વિરોધ વચ્ચે દરેક રાજકીય પક્ષોને એમાં ખાસ સત્તાધીશ પાર્ટીને પોતાના ઉમેદવાર નક્કી કરવા માટે અનેક પરિબળો ચકાસવા પડે છે. ત્યારે જે વિગતો મળી રહી છે તે મુજબ આ વખતે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત માટે રોસ્ટર નક્કી કરી દેવામાં આવ્યું છે પરંતુ ગત મહાનગરપાલિકા ના ચૂંટાયેલા નગર સેવકોની કામગીરી સામે નવા રોસ્ટર પ્રમાણે ઉમેદવારોને નક્કી કરવા માટેનું જે કામ છે તે અત્યંત કઠિન મનાઈ રહ્યું છે. દરેક વોર્ડમાં આંતરિક પ્રશ્નો જોવા મળી રહ્યા છે. ત્યારે ભાજપ ખાસ શું પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું. જાણકાર વર્તુળો અને રાજકીય તજજ્ઞોના જણાવ્યા અનુસાર ભાજપનું બુથ લેવલનું હોમવર્ક હર હંમેશ ઉત્તમ શ્રેણીનું હોવાથી તેઓને ચૂંટણીમાં કોઈ વિકટ સમસ્યાનો સામનો કરવો પડતો નથી પરંતુ સામે ચૂંટાયેલા નગર સેવકો દ્વારા જે વાયદાઓ કરવામાં આવેલા હોય તેને તેઓ પરિપૂર્ણ કરતા ન હોવાથી અસંતોષની લાગણી દરેક વોર્ડમાં વ્યાપી ઊઠી છે. વોર્ડ નંબર છ ની વાત કરવામાં આવે તો આ બોર્ડમાં પ્રવર્તમાન નગર સેવકો દ્વારા એક પણ નકર કામ કે જે પ્રજા ઉપયોગી કામ થવા જોઈએ તે કર્યા ન હોવાનું સ્થાનિક લોકો અને રાજકીય વર્તુળો ચર્ચી રહ્યા છે ત્યારે આ બોર્ડમાં એક પણ રીપીટ ન થાય તેવી સ્થિતિ ઉદ્ભવી છે.

રોસ્ટર મુજબ વોર્ડ નંબર છ માં પ્રથમ બેઠક અનુસૂચિત જાતિ મહિલા અનામત તરીકે નક્કી કરવામાં આવી છે જ્યારે બીજી બેઠક સામાન્ય મહિલા માટે નિર્ધારિત કરાઈ છે. ત્રીજી બેઠક પછાત વર્ગ અને ચોથી બેઠક સામાન્ય માટે નક્કી કરવામાં આવી છે પરંતુ હાલના પ્રવર્તમાન કોર્પોરેટરો ની નિષ્ક્રિયતાના પગલે પક્ષ વોર્ડ છ માં નો રિપીટ થિયરી અપનાવે તો પણ નવાઈ નહીં. સંત કબીર રોડ આસપાસના વિસ્તારોમાં આજે પણ રોડ રસ્તાની ભયંકર



આમ આદમી પાર્ટીનું જોર કોંગ્રેસ માટે માથાનો દુખાવો : ચાલુ નગરસેવકોની નિષ્ક્રિયતા પક્ષ માટે પણ ચિંતાનો વિષય

પરિસ્થિતિ જોવા મળી છે જેને આજ દિન સુધી નિવારવામાં ભાજપ અને ચૂંટાયેલા કોર્પોરેટરો નિષ્ફળ નીવડ્યા છે. સામે વિરોધ પક્ષની વાત કરવામાં આવે તો આમ આદમી પાર્ટીનું જોર વોર્ડ નંબર છ માં વધુ જોવા મળી રહ્યું છે અને પરિણામ સ્વરૂપે તેની સીધી જ અસર કોંગ્રેસ પાર્ટી ઉપર પણ થઈ રહી છે. અત્યારે વોર્ડ છ માં ખરા અર્થમાં જંગ જામશે તેવું જાણકાર વર્તુળો કઈ રહ્યા છે. ભાજપ માટે ફાયદો એક જ છે કે તેમનું બુથ લેવલનું કામ છે અને જે કાર્યકરો છે તે દરેક પરિસ્થિતિમાં એડી ચોટીનું જોર લગાવી મતદારોને રીઝવી લે છે. જે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં આ વિચારસરણી ખૂટે છે. સામે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પાસે કોઈ એવા નક્કર રાજકીય આગેવાનો નથી કે જેની વાત ઉપર સામાન્ય જનતા ભરોસો મૂકી શકે અને તેઓને મત આપે.

આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ ભાજપની વોર્ડ નંબર છ માં શું રણનીતિ હશે તે પણ મહત્વની છે કારણ કે વોર્ડ નંબર છ પણ અત્યંત સંવેદનશીલ માનવામાં આવી રહ્યો છે કારણ કે આ વોર્ડમાં અનેક ગેરરેટી અને ગેર પ્રવૃતિઓ આચરવામાં આવતી હોય છે. પરંતુ આ દુષણ ને દૂર કરવામાં ચૂંટાયેલા નગર સેવકો નિષ્ફળ નીવડયા છે. ત્યારે આ વખતે ભાજપ કોને વોર્ડ નંબર ૬ માંથી લડાવે છે તે જોવાનું રહ્યું અને વોર્ડ નંબર છ માટે ભાજપ શું પગલાં લેશે તે પણ એટલું જ મહત્વનું છે. અગાઉ પણ આ વોર્ડમાં આંગણવાડી સહિત સ્ટ્રીટ લાઈટ ના અનેકવિધ પ્રશ્નો સાથે વિવિધ વિસ્તારના લોકોએ તંત્ર સમક્ષ એકવાર નહીં અનેક વખત રજૂઆત કરી હતી પરંતુ નગરસેવકોની નિષ્ક્રિયતાના પગલે તેમના પ્રશ્નોનું નિવારણ આવી શક્યું ન હતું. ત્યારે આ વખતે કંઈક નવાજૂની થાય તેવી શક્યતાઓ પણ રાજકીય વર્તુળો ચરસી રહ્યા છે.

# આડત્રીસ જનરલ બોર્ડમાં કોંગ્રેસના સર્વાધિક પ્રશ્નો



૭૨ નગરસેવકો માંથી માત્ર નવ કોર્પોરેટરો એ જ તમામ જનરલ બોર્ડ બેઠકમાં થયા સહભાગી

રાજકોટ, તા. ૨૮

મહાનગરપાલિકાની ચૂંટણીઓને હવે આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પ્રવર્તમાન ચૂંટાયેલી બોડીની સમય સુધી પણ તુર્ત માંજ પૂર્ણ થઈ રહી છે. ત્યારે સમગ્ર ટર્મ દરમિયાન અનેકવિધ બેઠકો યોજવામાં આવી અને ખાસ જનરલ બોર્ડ પણ ઘણા ખરા યોજાયા ત્યારે ચૂંટાયેલા નગર સેવકો દ્વારા પ્રજાહિત માટે અનેકવિધ પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે જેમાં જનરલ બોર્ડમાં પ્રશ્નોત્તરી દરમિયાન કોર્પોરેટરો દ્વારા અનેકવિધ પ્રશ્નો પુછાય છે અને લેખિત જવાબ પણ તંત્ર દ્વારા આપવામાં આવે છે.

હાલ એ બાબતના લેખાજોખા ચાલી રહ્યા છે જેમાં પ્રવર્તમાન બોડી દ્વારા વિવિધ મહાનગરપાલિકાની બેઠકોમાં કેટલા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે તેનો તાગ મેળવવામાં આવી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ૩૮ જનરલ બોર્ડ બેઠક યોજાય તેમાં ઘણા ખરા નગરસેવકો દ્વારા જે સક્રિયતા દેખાડવામાં આવી જોઈએ તે ખૂટતી જોવા મળી ઊલટું વિરોધ પક્ષના ભાનુબેન સોરાણી એકમાત્ર એ નગર સેવક તરીકે ઉભરી આવ્યા કે જેઓએ સર્વાધિક પ્રશ્નો છેલ્લા પાંચ વર્ષ દરમિયાન તંત્રને પહોંચ્યા છે.

પાંચ વર્ષના લેખા ચોખા ની વાત કરવામાં આવે તો ભાનુબેન સોરાણી છેડા ઘણા સમયથી અશ્વસ્થ હોવા છતાં ૬૭ જેટલા પ્રશ્નો પૂછ્યા છે જ્યારે બીજા ક્રમે વશરામભાઈ સાગઠીયા દ્વારા ૫૩ પ્રશ્નો, તેના જ સાથે નગર સેવક મકબુલભાઈ દ્વારા ૪૫ પ્રશ્નો અને કોમલબેન દ્વારા ૪૨ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. સાથોસાથ એ વાત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં યોજાયેલી તમામ ૩૮ બોર્ડ બેઠકમાં માત્ર ૯ કોર્પોરેટરો એ જ તમામ બોર્ડ બેઠકમાં હાજર રહ્યા હતા અને તે તમામ ભાજપ પક્ષ સાથે જોડાયેલા હોવાનું પણ સામે આવ્યું છે.

પ્રશ્નોત્તરી પર નજર કરીએ તો વોર્ડ નં.૨ના કોર્પોરેટર અને ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે પાંચ વર્ષમાં એક પણ સવાલ પુછયો નથી. જોકે પ્રથમ અઢી વર્ષ તેઓ ડે.મેયર હતા અને હવે તેઓ ધારાસભ્ય છે. આવા મુખ્ય હોદા પર રહેતા પદાધિકારીઓ પરંપરા મુજબ જાતે સવાલ મુકતા હોતા નથી. ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, વજીબેન

શાસક પક્ષમાંથી પૂર્વ મંત્રી ભાનુબેન બાબરિયાએ ૭, દુર્ગાબા જાડેજાએ ૫, અલ્પાબેન દવેએ ૮, કુસુમબેન ટેકવાણીએ ૭, બાબુભાઇ ઉધરેજાએ ૯, દેવુબેન જાદવે ૫, જયશ્રીબેન ચાવડાએ ૯, વર્ષાબેન પાંધીએ ૯, પ્રિતીબેન દોશીએ ૭, બિપીનભાઇ બેરાએ ૬, આશાબેન ઉપાધ્યાયે ૯, દક્ષાબેન વસાણીએ ૬, પુષ્કરભાઇ પટેલે ૫, લીલુબેન જાદવે ૬, રણજીત સાગઠીયાએ ૯, અસ્મિતાબેન દેલવાડીયાએ ૫, જયાબેન ડાંગરે ૬, સુરેન્દ્રસિંહ વાળાએ ૩, સુરેશ વસોયાએ ૯, અનિતાબેન ગૌસ્વામીએ ૪, રવજીભાઇ મકવાણાએ ૬, વિનુભાઇ ઘવાએ ૪ અને સંદીપ ગાજીપરાએ ૪ પ્રશ્નો રજૂ કર્યા છે. ભાજપના ૬૮ અને કોંગ્રેસના ચાર કોર્પોરેટરોએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન મળેલી જનરલ બોર્ડની બેઠકમાં પ્રશ્નોત્તરી કાળમાં કુલ ૮૬૮ પ્રશ્નો પૂછયા છે જેમાં વિપક્ષના નિશાને તંત્ર રહ્યું છે તો શાસક સભ્યોએ મોટા ભાગે સરકારી જેવા પ્રશ્નો મુકયા હતા.

હા વાત ઉપરથી એ ચિત્ર સ્પષ્ટ થાય છે કે કેટલા નગરસેવકો છેલ્લા પાંચ વર્ષમાં સક્રિયતા થી જનરલ બોર્ડમાં સહભાગી થયા હતા અને પ્રજા પ્રશ્નોને વાચા આપી હતી. હાલ નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે પણ આ રેખા જોખા અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે. બીજી મહત્વની વાત તો એ છે કે ઘણા ખરા નગરસેવકો સંપૂર્ણપણે નિષ્ક્રિય જોવા મળ્યા છે પ્રશ્ન તો પૂછ્યા નથી સામે વોર્ડમાં પણ તેમની કામગીરી નબળી સાબિત થઈ છે. ભાજપના ચૂંટાયેલા સભ્યો પણ પ્રજા પ્રશ્નને વાંચા આપવામાં ઘણાખરા અંશે નિષ્ફળ નીવડ્યા છે.